સહજ-સત્સંગ

Year : 3 Issue : 31 Dt. 01-08-2015 Page - 52 માસિક

શ્રી અરવિન્દ : એક અવતાર

મા મીરાંબિકા

Outside the Divine all is falsehood and illusion mournful and obscure. In the Divine is life, light, Joy and peace (2 Oct. 1954)

- The Mother

પ્રભુ વિનાં બધું જ નકામું

પ્રભુ વિના અસત્ય બધું,
દુઃખ, ભ્રમને વળી ગૂંચ,
પ્રભુમાં જ જીવન-પ્રકાશ ને,
શાંતિ આનંદનું બધું જૂથ.

પ્રાર્થનાઓ અને ધ્યાન
- શ્રી માતાજી

જીવન પલટો

(તા.૦૩.૦૩.૧૯૧૫ પૃ.૨૧૩)

મારા જીવનના ઉત્તમ તત્ત્વરૂપે જેને જાણું છું, તેથી સાવ વિરોધી એવી પરિસ્થિતિ છે. મારા જીવનમાં ક્યારેય પણ, કોઈપણ પરિસ્થિતિમાં મને આગવો અનુભવ નથી થયો (શ્રી માતાજી પૉલ રિશારના જીવન-હેતુ બાબતનાં તદ્દન વિરોધી વિચારોથી વ્યથિત થઈ થોડો કાળ પોતાની માતા પાસે પેરીસ જવાનો વિચાર કરતા હતા)

.....ત્યારે મારા સર્વાંગ સમર્પણમાં પણ વિષાદની છાયા ચડી આવે છે. ‘‘હે પ્રભુ, મેં શું કર્યું છે કે તે મને આ અંધારી રાતમાં ફેંકી દીધી છે ?’’

પ્રભુ, આ સ્વરૂપની બધી દુર્બળતાઓ દૂર કર. તારા કાર્યનું..... એક નમ્ર અને સ્પષ્ટ દૃષ્ટિવાળું કરણ બનાવ.

માનવના ભવિષ્યનો વિચાર કરતાં એવું લાગે છે જાણે આપણે એક ઊંચી અભેદ્ય દીવાલ તરફ જઈ રહ્યાં છીએ. રાષ્ટ્રના અને પૃથ્વીનાં ભવિષ્ય વધુ સ્પષ્ટ દેખાય છે..... ભાવિ એમને બધાંનાં ચક્ષુ સમક્ષ પ્રગટ કરશે.

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ	શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન		**યોગ પર દીપ્તિઓ**	
(જીવન પલટો)	૩	('અહં'ના વિલયની શરૂઆત)	૩૨
પ્રાર્થના છે, અંતરનો પોકાર	૬	**સાંજના વાર્તાલાપો**	
દિવ્યજીવન (વિશ્વસર્જનનો હેતુ)	૧૦	(પંદર - ઑગસ્ટનું મહત્ત્વ)	૩૫
માતૃવાણી		**વેદવિજ્ઞાન** (વેદકાલિન પ્રખ્યાત વ્યક્તિઓ)	૩૮
(માનસિક-અચિત્‌નો અનુભવ)	૧૨	**ધ મધર્સ એજન્ડા**	
સાવિત્રી (અચિતનો ઢાંક પિછોડો)	૧૬	('વિરાટ'નું દર્શન - વિશ્વરૂપદર્શન)	૪૨
યોગ વિષે પત્રો (અવચેતનનું સ્વરૂપ)	૨૦	**યોગનાં મૂળતત્ત્વો** (વિભાગ-૨)	૪૩
મહાસરસ્વતી	૨૩	(શ્રી અરવિન્દના ટૂંકા જવાબો)	
ઉપનિષદો (માનસિક અને અતિમાનસિક સમજણ)	૨૪	**શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**	
વેદ-રહસ્ય (વરુણ અને મિત્રનું સ્વરૂપ)	૨૬	(સત્ય અને અસત્યના આંદોલનો (૯૯-૧૦૨)	૪૫
શ્રી અરવિન્દ : પોતા વિષે		**જાતક કથાઓ** (સંઘની (સામૂહિક) શક્તિ)	૪૭
(શ્રી અરવિન્દની નિવૃત્તિ)	૨૯	શ્રી અરવિન્દ - આવિર્ભાવદિન	૪૮

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું ૪૮

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ

અંક : ૩૧ વર્ષ : ૩

ઓગસ્ટ - ૨૦૧૫

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

: સહજ સત્સંગ કાર્યાલય :

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :

હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.

એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.

કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ, **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.

આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

લેખકોના મંતવ્યો તેમનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે. (આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

જીવન પલટો

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજીને નાનપણથી જ આધ્યાત્મિક શાંત, પ્રસન્ન જીવન જીવવાનાં કોડ હતાં. પણ હાલની સ્થિતિ તેથી તદ્દન ઊલટી છે. નિરાશાની ગર્તમાં જાણે માતાજી ફસાઈ ગયાં છે. આવી જીવન બાબતની અવઢવ માતાજીએ કોઈ વખત અનુભવી નથી. પ્રભુના સમર્પણભાવમાં પણ માતાજીને નિરાશાનો પડછાયો લંબાતો દેખાય છે. માતાજીના મનમાં એક જ પ્રશ્ન સતત ઘોળવાઈ રહ્યો છે. તેમણે ખોટું કર્યું નથી. તો આ શેનો દંડ છે ? પણ માતાજી જાણતા નહોતા કે આ દુર્ભાગી લાગતી ઘટના જ તેમને તેમના સાચા કર્મ અને કર્મભૂમિ પ્રત્યે લઈ જવાનાં નિમિત્ત બનવાનાં હતાં.

માતાજી પોતાની અભીપ્સામાં ફરી એકાગ્ર થાય છે. ''પ્રભુ મારાં સ્વરૂપની બધી દુર્બળતાઓ ખંખેરી નાખ. તારા કાર્યનું કરણ બનાવ. તે માટે આ શરીરને સમજણ આપ. દૃષ્ટિ આપ, કે જેથી તે પોતાનું સાચું કર્તવ્ય સમજી શકે.''

માતાજી જ્યારે સમગ્ર માનવ-જાતિનાં ભવિષ્યનો વિચાર કરે છે ત્યારે પણ તેમનાં મન ઉપર નિરાશાનો પટ જ છવાયેલો હોય છે. કોઈ ઊંચી મજબૂત ભીંત તેમની પ્રગતિ રોકવા અડીખમ ઊભી છે એમ તેમને અંદરથી લાગે છે. માતાજી માનવ-જાતિનાં આ અંધકારમય ભાવિની ચર્ચા જાહેરમાં કરવા માંગતા નથી. (પ્રથમ મહાયુદ્ધનો નર સંહાર) પણ માતાજી જાણે છે કે લોકો ધીમેધીમે તે સંકટને અનુભવશે.

પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

નરેન્દ્ર અત્યાર સુધી મૂર્તિમાં વિશ્વાસ ધરાવતા નહોતા, પણ આર્થિક પરિસ્થિતિએ એવી ભીંસ લીધી હતી કે અંતે હારીને તેઓ મા જગદંબાની મૂર્તિ પાસે, ગુરુનાં કહેવાથી જવા તૈયાર થઈ ગયા. ત્યાં ગયા. અને જોયું તો માટીની મૂર્તિને બદલે સાક્ષાત્ દર્શનથી તેઓ તો ભૂલી જ ગયા કે મા પાસે તેઓ માંગવા આવ્યાં છે. તેઓ પ્રાર્થના કરવા લાગ્યાં, ''મા મને વિવેક આપ, વૈરાગ્ય આપ, જ્ઞાન આપ, ભક્તિ આપ.'' આવી પ્રાર્થના કરીને તેઓ પાછાં ફર્યા. માનો સાક્ષાત્કાર કર્યાનો અપાર આનંદ એમનાં મુખ ઉપર ઝળહળતો હતો. રામકૃષ્ણે એમને પૂછ્યું, ''મા પાસે માંગી લીધું ને ?'' ''શું ?'' ''કેમ ? તું તો રૂપિયા પૈસા માંગવા ગયો હતો ?''

''અરે, બાબા, એ તો હું ભૂલી જ ગયો ?

''જા, પાછો જા, અને તું જલ્દી માગી લે. હજુ મા મંદિરમાં જ બિરાજે છે.'' નરેન્દ્ર ફરી પાછાં ગયા. પણ એ તેજોમય રૂપની સન્મુખ ઊભા રહ્યાં અને બધું જ વિસરાઈ ગયું. ફરી એ જ પ્રાર્થના અને એ જ માગણી ''વિવેક આપ, વૈરાગ્ય આપ, જ્ઞાન આપ, ભક્તિ આપ.''

પ્રસન્નવદને પાછા ફર્યા. ફરી ગુરુદેવે પૂછ્યું, ત્યારે કહ્યું, ''એ તો ભૂલી જ ગયો !'' રામકૃષ્ણે એમને ત્રીજી વખત મંદિરમાં મોકલ્યાં. આ વખતે તેમણે બરાબર યાદ રાખ્યું હતું કે તેમણે ધનસંપત્તિ માંગવાના છે. પણ મા જગદંબાની સમક્ષ હાથ જોડીને ઊભા રહેતાં, એને થયું કે ''અખિલ વિશ્વની આ પરમ આદ્યાશક્તિ પાસે હું થોડાં રૂપિયા પૈસા માંગીશ ? આ તો મહારાજા પાસે બશેર રીંગણા માંગવા જેવી વાત છે. ના, ના, હું મા પાસે રૂપિયા નથી માંગતો. મા, તું

મને વિવેક આપ, વૈરાગ્ય આપ, જ્ઞાન આપ, અને ભક્તિ આપ.'' આમ ત્રીજી વખત જાગૃત્ત હોવાં છતાં નરેન્દ્ર મા પાસે ભૌતિક સંપત્તિ નહીં, પણ દિવ્ય સંપત્તિ માગીને આવ્યાં. જ્યારે રામકૃષ્ણે આ જાણ્યું ત્યારે તેઓ ખૂબ રાજી થયા અને કહ્યું, ''મને લાગે છે કે તું દુન્યવી ભોગ ભોગવવાં સર્જાયો નથી.'' અને પછી તેમણે આશીર્વાદ આપ્યાં કે ''જા, તારા કુટુંબીજનોને સાધારણ વસ્ત્રો અને જાડા ધાન્યની કદી તંગી નહી પડે.'' આમ જગદંબા પાસે નરેન્દ્રે જે માંગ્યું એથી નરેન્દ્રમાંથી વિશ્વવંદ્ય વિભૂતિ સ્વામી વિવેકાનંદ બની ગયાં ! જો તેમણે ધનસંપત્તિ માંગી હોત તો બંગાળનાં ધનાઢ્ય જમીનદાર બન્યા હોત, તો આજે એમનાં ગયાને સો વર્ષ વીતી ગયા હોવા છતાં અસંખ્ય લોકો આજે પણ એમના જીવન, કાર્ય અને વાર્તાલાપોમાંથી પ્રેરણા મેળવીને પોતાના જીવનને ઊર્ધ્વગામી બનાવી રહ્યાં છે. એવું શક્ય બન્યું હોત ખરું ? ભગવાન પાસે એવું માંગવું જોઈએ કે જેથી પોતાનું જીવન તો સાર્થક બને, પણ અન્યના જીવનને માટે પણ એ પ્રેરણારૂપ બની રહે. શ્રી માતાજી આ સંદર્ભમાં કહે છે, ''પ્રભુની ચેતના સાથે તાદાત્મ્ય સાધવા જેટલી સુંદર બીજી કોઈ પણ વસ્તુ નથી. વ્યક્તિ જેને શોધે છે, તેને તે ચોક્કસ પામી શકે છે, જો તે સંપૂર્ણ સચ્ચાઈથી શોધે તો ! કેમકે વ્યક્તિ જેની શોધ કરે છે તે તેની પોતાની અંદર જ છે.'' એટલે પ્રભુની ચેતના સાથે એકરૂપ થવાં માટે પ્રાર્થના કરવી જોઈએ. એમના પ્રેમ, આનંદ અને જ્ઞાનને મેળવવા માટે, એમનાં કૃપાપાત્ર બનવા માટેની પ્રાર્થના હોવી જોઈએ. ભગવાનને કેવી પ્રાર્થના કરવી જોઈએ, એ અંગે શ્રી અરવિન્દે પોતાના અંતરંગ શિષ્યને જણાવ્યું કે, ''રાત્રિમાં અને દિવસમાં મારી સાથે રહો નિદ્રામાં અને જાગૃત્તિમાં તમારી હાજરીની વાસ્તવિકતાની મને સતત અનુભૂતિ થતી રહે. તમારું સાંન્નિધ્ય મારી અંદર સત્યને, ચૈતન્યને અને પરમ આનંદને સતત ટકાવી રાખે અને તેની સદાય અભિવૃદ્ધિ કરાવે.'' પ્રભુને તીવ્રભાવે આવી પ્રાર્થના કરવાથી ધીમે - ધીમે અંતરનાં ઊંડાણમાં એમની દિવ્ય હાજરીની અનુભૂતિ તેઓ કરાવે જ છે અને પછી તો અંતરમાં બેઠેલાં એ પ્રભુ પોતે જ બધું સુકાન

સંભાળી લે છે.

પ્રાર્થનામાં અવરોધક પરિબળો :

પ્રાર્થનાને શિથિલ બનાવનાર મોટામાં મોટું અવરોધક પરિબળ હોય તો તે છે, અવિશ્વાસ અને શંકા. ભગવાન કંઈ પ્રત્યક્ષ દેખાતા નથી. ઘણી પ્રાર્થના કર્યા છતાં પરીણામ આવતું ન જણાય એટલે સ્વાભાવિક રીતે જ માણસને શંકા જાય છે. કેમકે માણસનું મન ભારોભાર શંકાથી ભરેલું છે. માણસ પ્રથમ તો એવું વિચારે છે કે ''જેમને જોયા નથી, જાણ્યાં નથી, છે કે નહીં એની ખબર નથી, એવા ભગવાનની આગળ હું આ નિરર્થક પ્રલાપ તો નથી કરી રહ્યો ને ?'' આવી પ્રથમ શંકા ભગવાનનાં અસ્તિત્ત્વ વિષે જાગે છે અને તેથી પ્રાર્થનાની તીવ્રતા મંદ પડી જાય છે. પ્રાર્થના સાંભળે છે ખરાં ? મનમાં આવો પ્રશ્ન ઊઠતાં પણ પ્રાર્થનાની શક્તિ મંદ પડી જાય છે. પ્રાર્થના પૂરી શ્રદ્ધા સાથે કરવી જોઈએ. એમાં લેશ પણ શંકાને સ્થાન ન હોવું જોઈએ. ''મેં ભગવાનની આગળ નિવેદન કર્યું છે, એટલે મારા માટે જે કંઈ ઉત્તમ હશે, તે ભગવાન જરૂર કરશે.'' આવી દૃઢ શ્રદ્ધા સાથે પ્રાર્થના કરવામાં આવે તો એ પ્રાર્થનાનું પરીણામ અવશ્ય આવે છે. એક પાદરીના જીવનમાં બનેલી વાત છે. નાતાલની આગલી સાંજે ઉત્સવની તૈયારીમાં તે અને તેની પત્ની વ્યસ્ત હતાં. તેનો ત્રણ-ચાર વર્ષનો પુત્ર લખોટીથી રમતો હતો. રમતાં રમતાં લખોટી મોઢામાં નાખી અને તે ગળામાં ફસાઈ ગઈ. છોકરાના મિત્રે જલદીથી તેનાં માતાપિતાને બોલાવ્યાં. છોકરો માંડ શ્વાસ લઈ શકતો હતો. પાદરીને ગંભીરતાનો ખ્યાલ આવી ગયો કે શ્વાસનળી આગળ લખોટી ફસાઈ ગઈ છે. તાત્કાલિક ઉપાય કરવામાં નહીં આવે તો બાળક શ્વાસ લેવા તરફડિયા મારશે. આથી તેણે ડૉકટરને ફોન કર્યો. પણ ખબર મળ્યા કે બધાં ડૉકટરની હવાનામાં કોન્ફરન્સ છે, ત્યાં ડૉકટર ગયા છે. બીજા ડૉકટરને ફોન કર્યો તો તેઓ પણ નહોતા. નજીકનાં ગામમાં ફોન કર્યો, તો પણ ડૉકટર ન મળ્યા ! તેણે તેના મિત્રોને, બીજા પાદરીઓને ફોન કર્યા કે ''ક્યાંયથી ડૉકટર મળે તો તાબડતોબ મોકલો. હવે મારો પુત્ર ઘમણની

પેઠે શ્વાસ લઈ રહ્યો છે !'' પણ ક્યાંય ડૉકટર ન મળ્યા. પાદરી પણ ગભરાઈ ગયો કે હવે શું થાશે ? ત્યારે તેને ભગવાન યાદ આવ્યાં. તેણે પોતાની જાતને કહ્યું અત્યાર સુધી અનેક લોકોને મેં ઉપદેશો આપ્યાં છે કે ''ભગવાનને પ્રાર્થના કરવાથી અચૂક સહાય મળે જ છે. આપત્તિની વેળાએ એક માત્ર ભગવાનની સહાય જ સાચી સહાય છે. અને હું જ મારાં જીવનની આવી આપત્તિ વેળાએ ભગવાનને ભૂલી ગયો ?'' અને પછી તે આર્તભાવે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો કે, ''હે પ્રભુ, આ બાળકને બચાવી લો.'' પ્રાર્થનામાં પ્રભુને તીવ્રભાવે વિનંતી કરવા લાગ્યો. પછી થોડીવારમાં તો તેનાં ફોનની ઘંટડી વાગી. તેનાં મિત્રનો ફોન હતો. તેણે કહ્યું, ''હું તને ક્યારનો ફોન કરી રહ્યો હતો. પણ તારો ફોન સતત ચાલુ હોવાથી સંપર્ક થતો ન હતો. મને ખબર મળ્યા છે કે હવાનાથી ઈએનટી સ્પેશ્યાલીસ્ટ ડૉકટર ત્યાં તારાં ગામમાં એના વૃદ્ધ કાકાને તપાસવા આવ્યાં છે, તાત્કાલિક સંપર્ક કર એનાં આ ફોન નંબર છે.' પાદરીએ તત્કાળ ફોનથી સંપર્ક કર્યો અને બાળકની પરિસ્થિતિની ગંભીરતા જણાવી. ડૉકટરને એને ત્યાં તાત્કાલિક આવવાં વિનંતી કરી અને પાંચ મિનિટમાં જ ડૉકટર એને ત્યાં એના સાધનો સાથે આવી પહોંચ્યાં. બાળક હવે શ્વાસ માટે તરફડિયા મારી રહ્યું હતું. ડૉકટરે તેના સાધનથી ફસાયેલી લખોટીને કાઢી લેતાં બાળક ફરી શ્વાસ લેતું થયું અને તેનો પાદરી પિતા આંખમાં આંસુ સાથે પ્રભુને ઘૂંટણિયે પડીને પ્રાર્થી રહ્યો કે, ''હે પ્રભુ તમે જ આ બાળકને જીવતદાન આપ્યું.'' જો તે પ્રાર્થનામાં ન બેઠો હોત અને સતત ફોન કરતો રહ્યો હોત તો આ ડૉકટરનો સંપર્ક કેવી રીતે થાત ? આમ પ્રભુની પ્રાર્થનાને પરિણામે સ્પેશ્યલ ડૉકટરને એનાં ઘરે જાણે પ્રભુએ મોકલી આપ્યો ! અત્યારસુધી પ્રાર્થનાની મહત્તા વિષે પાદરી વ્યાખ્યાનો આપતો હતો, પણ હવે તેણે પોતાનાં જીવનમાં પ્રાર્થનાની શક્તિનો અનુભવ કર્યો. ત્યારે તેને સમજાયું કે પ્રાર્થના પ્રભુ અવશ્ય સાંભળે છે અને પ્રભુ પાસેથી એની તત્કાળ સહાય પણ અવશ્ય મળે છે.

દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

વિશ્વસર્જનનો હેતુ

પ્રકરણ - ૧૧

સમજૂતી - માનસિંહ ચાવડા

બ્રહ્માનંદ આથી તદ્દન જુદી વસ્તુ છે. પ્રથમ બ્રહ્માનંદ બાહ્ય વસ્તુ કે વ્યક્તિને કારણે આવિર્ભાવ પામતો નથી પણ સ્વયંભૂ છે. તે અકારણ હોય છે. સહજ હોય છે. બીજું, તે અમૂક કાળ પૂરતો જ હોતો નથી પણ કાયમી સ્વરૂપનો સ્થાયી સ્વરૂપનો હોય છે, કારણ તે બ્રહ્મતત્ત્વનો સ્વભાવ હોય છે. ત્રીજું, તે ઈન્દ્રિયોનાં સંવેદનો કે મનની ભાવનાનાં ઉભરા વગર પણ પ્રકટ થઈ શકે છે. તેનું અસ્તિત્વ આંતરિક રીતે આપણે અનુભવીએ છીએ. આ આનંદની બે અવસ્થા હોય છે બ્રહ્મ ચેતનાના મૂળભૂત સ્વરૂપ આનંદને સત્-સ્વરૂપ આનંદ કહેવામાં આવે છે. જ્યારે જગતનાં વિવિધ સ્વરૂપો દ્વારા પ્રકટ થતો આનંદ ભવત્ સ્વરૂપ આનંદ છે. એક અવસ્થાનો આનંદ છે બીજો સર્જનનો આનંદ છે.

આ વિશુદ્ધ આનંદ જ્યારે જગતમાં પ્રકટ થવા માંડે છે ત્યારે તે અશુદ્ધ અને મર્યાદિત બની જાય છે. અને તેથી તે પોતાને પૂર્ણ અને શુદ્ધ રૂપે પ્રકટ કરી શકતો નથી. તે વાસનાની તૃપ્તિ વગેરે સ્વરૂપે આવિર્ભાવ પામે છે. આ બધાં પ્રકારો આપણાં ભૌતિક જીવનમાં નિર્માણ થાય છે. તે ભૌતિક જીવનનો હિસ્સો હોય છે. તેથી વેદો તેને પૃથ્વિનાં રૂવાટાં 'પૃથિવ્યાઃ રોમાઃ'' એમ વર્ણવે છે. અને જ્યારે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે, પેલી અસીમ પ્રકાશમય ચેતનાનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે તે આનંદ શુદ્ધ સ્વરૂપે પ્રકટ થાય છે અને પોતાનાં ઉપરનાં અશુદ્ધ સ્વરૂપોને ત્યાગે છે. વેદો પરમ-ચેતનાના તેજોમય રૂપને અગ્નિ તરીકે વર્ણવે છે કે તે અગ્નિ પૃથ્વિની રૂંવાટીને બાળી નાંખે છે. 'અગ્નિર્હ દાતિ રોમા પૃથિવ્યાઃ' -

ઋગ ૧.૬૫.૮ પૃથ્વિની રૂવાંટી એટલે પાર્થિવ તત્ત્વની અચેતનતા. જ્યારે સાધક બ્રહ્માનંદનો અનુભવ કરે છે ત્યારે તેને ઋષિઓનું વાક્ય સમજાય છે. તેને પાર્થિવ તત્ત્વપણ ચેતનાસભર લાગે છે. રસમય, આનંદદાયક લાગે છે. ઋષિઓ જણાવે છે કે બ્રહ્મતત્ત્વ રસમય છે ''રસૌ વૈ સઃ''

આપણા જીવનમાં આવો દિવ્યાનંદ પ્રકટતો નથી કારણ આપણે હજી આત્માની, ચેતનાની અસીમતાને, પ્રકાશમયતાને, આનંદમયતાને પામી શક્યાં નથી. આત્માનાં સાચા સ્વરૂપને આપણે ઓળખી શક્યા નથી. આપણે અજ્ઞાની છીએ એ જ દુઃખનું મુખ્ય કારણ છે.

અજ્ઞાન એટલે ચેતનાના મૂળભૂત સ્વરૂપ બાબતની અનુભૂતિનો અભાવ. તે આત્મ અનુભૂતિ આવતા જ ઋષિ જણાવે છે કે, ''મત્તો ભવતિ'' તે આનંદાતિરેકથી ઉન્મત્ત બની જાય છે. તીવ્ર આનંદની, ગહન આનંદની અનુભૂતિ આવે છે.

દિવ્યાનંદ એ મૂળભૂત અવસ્થા છે. તે સુખ અને દુઃખ બંનેનો આધાર હોય છે. આનંદની તીવ્રતા જ જડ માનવને દુઃખ રૂપે ભાસે છે. તેનું પાર્થિવ તત્ત્વ તે તીવ્ર આનંદને શુદ્ધ સ્વરૂપમાં ઝીલી શકતું નથી, તેને વિકૃતરૂપે પ્રકટ કરે છે. આ વિકૃતિ એટલે જ દુઃખ. આપણા આ પાર્થિવ તત્ત્વની તીવ્ર આનંદને સહન કરવાની અક્ષમતા અજ્ઞાનને કારણે નિર્માણ થયેલ છે. અજ્ઞાન એટલે આત્મતત્ત્વને શુદ્ધ સ્વરૂપમાં અનુભવવાની આપણી અક્ષમતા. તેથી શાસ્ત્રો જણાવે છે કે અજ્ઞાનને લીધે દુઃખ નિર્માણ થાય છે.

SPONSORSHIP

Sponsered by SMITA and LALIT MISTRY on birthday occation of their grand daughter SERENA SOLAPURKAR (14 August 2014) Newjersy U.S.A.

માતૃવાણી

- શ્રી માતાજી

અવતરણો

માનસિક-અચિત્‌નો અનુભવ

(માતૃવાણી-૧૫ પૃ. ૩૧૨-૩૨૫)
(તા.૮,૧૫,૨૨ નવે. ૧૯૫૮)

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ મેં મારી આસપાસ રહેલાં માણસોનાં મનોમય-વાતાવરણમાં જવાનું શરૂ કર્યું. પૃ.૩૧૩

૨ પહાડની બે ઊભી કરાડમાંથી હું નીચે જવા લાગી. પૃ.૩૧૩

૩ તે દર ગરણીની માફક સાંકડું..... બનતું જતું હતું. પૃ.૩૧૩

૪ તળિયું અદૃશ્ય હતું. એક ઘોર કાળું દર. પૃ.૩૧૩

૫ દર વધારે દબાણ કરતું, ગૂંગળાવતું અને મૂંઝવણભર્યું બનતું હતું. પૃ.૩૧૩

૬ હું એક સ્પ્રિંગ સાથે અથડાઈ - એક જ ધક્કામાં..... અમર્યાદ..... આકારહીન..... બૃહદ્‌માં ફેંકાઈ. ત્યાં અનંત ઉષ્મા હતી. પૃ.૩૧૪

૭ આ બૃહદ્ અસંખ્ય-બિંદુઓનું બનેલું હતું, જે અવકાશમાં કોઈ જગ્યા રોકતા નહોતા. પૃ.૩૧૪

૮ તે બધું જીવંત હતું છતાં અચલ - તેણે શાશ્વતીની અનુભૂતિ આપેલી. પૃ.૩૧૪

૯ તેનામાં રૂપો બનાવવાની શક્તિ હતી. પૃ.૩૧૫

૧૦ શુદ્ધ-અચિત્‌નો પ્રદેશ આપણામાં એવી છાપ ઉપસાવે છે કે તે વિલક્ષણ,

જડ, આકારહીન, તટસ્થ ભૂખરો છે. નિરાકાર ને નમનીય. પૃ.૩૧૫

૧૧ પણ આ અચિત્ મનોમય હતું. પેલાં અચિત્ કરતાં વધારે ખરાબ. સખ્તાઈ સંકુચિતતા, જડતા, વિરોધ એ મને દાખલ કરેલી વસ્તુ છે. પૃ.૩૧૫

૧૨ મન પોતાનાં કાર્યને તીવ્રતાથી વ્યક્ત કરે છે. પૃ.૩૧૬

૧૩ મનોમય-અચિત્ પરિવર્તન પામવાની સાફ ના પાડે છે.

૧૪ મનોમય-અચિત્ સંઘટિત હોય છે. પૃ.૩૧૬

૧૫ અચિત્નાં તળિયામાં પરમાત્મા રહેલાં છે. તે પોતાનો સ્પર્શ આપવાં સમર્થ છે. પૃ.૩૧૬

૧૬ વિશ્વ એક વર્તુળ જેવું છે. પોતાની પૂંછડી પોતાનાં મોઢામાં લીધેલાં સર્પ જેવું. પૃ.૩૧૬

૧૭ તેમાં પરમોચ્ચ ઊંચાઈ કોઈ પણ માધ્યમમાંથી પસાર થયા વગર સ્થૂળ તત્ત્વને સ્પર્શ આપે છે. પૃ.૩૧૬

૧૮ એક નિરાકાર બૃહત્-તત્ત્વમાં નવીન-જગતનાં બીજો રણઝણતા હતાં. પૃ.૩૧૬

૧૯ નવીન-જગત એટલે સૃષ્ટિની શરૂઆત નહિ પણ અતિમનસ જગતનો આવિર્ભાવ. પૃ.૩૧૬

૨૦ તે બૃહત્ ગરમ સોનાના બારીક ભૂકાના ધુમ્મસ જેવું હતું. પૃ.૩૧૭

૨૧ તેણે વિશાળતાની શાંતિની લાગણી ઉત્પન્ન કરેલી. પૃ.૩૧૭

૨૨ તે વસ્તુ દરેક માટે બની આવશે. પૃ.૩૧૭

❖

માતાજીને ૫ નવેમ્બર ૧૯૫૮ના રોજ અતિમનસ-જગતના મૂળ ઉદ્‌ગમ-સ્થાનની અનુભૂતિ આવેલી.

તેઓ આશ્રમનાં પ્લે ગ્રાઉન્ડમાં દર બુધવારે અઠવાડિક વર્ગો લેતાં. બાળકોને ખૂબ પ્રોત્સાહન આપવા છતાં બાળકો જીવનને ઉદાત્ત કરવામાં ઓછો રસ લેતા. તેથી બાળકોમાં એવું શું છે જે તેમને અટકાવે છે તેવો પ્રશ્ન માતાજી

સામે નિર્માણ થયો અને તેના જવાબ તરીકે માતાજીને મનોમય-અચિત્‌નો અનુભવ આવ્યો.

શુદ્ધ મૂળ અચિત્‌ તો નિરાકાર, રવાળ, ભૂખરા રંગનો જડતાભર્યો પદાર્થ છે. તેમાં સાકારતા અને કઠોરતા, દિવ્ય-જીવન પ્રત્યેનો વિરોધ નથી. દિવ્ય - જીવન જીવવાની અક્ષમતા છે પણ વિરોધ નથી.

માતાજીને બે પહાડની તરાડોની સાંકડી ફાંટમાંથી નીચે ઉતરવાની અનુભૂતિ આવી. તેમાં તે ખડકો મનોમય-અચિત્‌નાં પ્રતીકરૂપે હતાં. અણિયાળા અર્થાત્‌ દિવ્ય-વસ્તુઓ પ્રત્યે વિરોધી-માનસ ધરાવતા અને કઠોર બેસાલ્ટ જેવા અર્થાત્‌ ઘનીભૂત થઈને સંગટિત પોલાદની જેવા કઠણ, અપરિવર્તનશીલ બનેલા એટલે પરિવર્તન, રૂપાંતરનો વિરોધ કરતા. તેમાં ચેતનાના સંકુચિત અહં કે કેન્દ્રિત કરવાની શક્તિ છે. તેનું પ્રતીક છે - સાંકડી થતી પેલી ફાટ કે દર. તે ગૂંગળાવતી હતી. સંકુચિતતાને કારણે.

તે મનોમન અચિત્‌નું તળિયું દેખાતું નહોતું. તે જાણે અતળ લાગતું હતું. ક્યાંય અધ્યાત્મનો પ્રકાશ નહોતો. ઘનઘોર અંધારું. ફક્ત તે ફાટની ઉપર આકાશમાં આછો મંદ પ્રકાશ દેખાતો હતો.

માતાજીને લાગ્યું કે તે નીચેના ઉત્તરાણને કોઈ અંત નથી. ત્યાં માતાજીને એક જબરદસ્ત સ્પ્રિંગે આકાશમાં ફંગોળી, તે સ્પ્રિગ એટલે મનોમય-અચિત્‌ નીચેના પરમેશ્વર પોતે. માતાજી એક નિરાકાર, હૂંફાળા, સુવર્ણમય નાનાં નાનાં કણોથી ભરપૂર અવકાશમાં ફંગોળાયા હતાં. તે મૂળ અતિમનસ તત્ત્વનો જ પણ આકાર ન લીધેલો પ્રદેશ હતો. તે અવકાશમાંના દરેક સોનેરી કણના સ્પર્શમાંથી શાશ્વતીના સંવેદનો અનુભવાતાં હતાં. અતિમનસ-તત્ત્વ નિત્ય-સૃષ્ટિના તત્ત્વોમાંનું તત્ત્વ છે, તેથી તેમાં સનાતનતા તો સ્વભાવમાં જ છે.

તે મૂળ અતિમનસ-તત્ત્વનાં કણો ખૂબ જ નમનીય હતાં. અન્યોને પોતામાં ભેળવી લેતા હતાં. જાણે તેઓ પોતાના માટે સ્થળ રોકતા જ નહોતા ! અતિમનસમાં પૂર્ણ સંવાદિતા છે તેનું આ નિદર્શન હતું. માતાજીને લાગ્યું કે આ

તત્ત્વ પોતે નિરાકાર છે છતાં તેમાં સાકાર થવાની ક્ષમતા પણ છે. માતાજીને અતિમનસની સર્જન શક્તિનો સ્પર્શ મળ્યો હતો.

માતાજીને આ અનુભૂતિ ઉપરથી ખ્યાલ આવ્યો કે જગત જાણે મંડલાકાર છે. તેમાં ઊર્ધ્વમાંનું આદિ-તત્ત્વ નિમ્નત્તમ વસ્તુના નીચે પણ હાજર છે. ચીનમાં આ સત્ય દર્શાવવા એક સર્પે પોતાની પૂંછડી મોઢામાં પકડી મંડલ તૈયાર કરેલ છે એવું પ્રતીક વાપરેલ છે.

માતાજી આ અનુભૂતિનું સત્ય સમજી ગયાં. જ્યાં સુધી તમે નિમ્ન-ગોલાર્ધમાં છો ત્યાં સુધી મનોમય-તત્ત્વની વિકૃત્તિની બહાર નીકળી જ શકતાં નથી. તમારે ઊર્ધ્વ-ગોલાર્ધમાં પ્રવેશવું જરૂરી જ છે.

બીજું, જગત એકની ઉપર બીજું એમ એક જ પરીમાણમાં નથી, પણ એકની અંદર બીજું છે અને દરેકનું પરીમાણ જુદું હોવાથી તેઓ એક જ સ્થળે પણ એક-બીજાનાં સંપર્ક વગર સ્વતંત્ર રીતે રહેતા હોય છે.

ત્રીજું, ભૌતિક-જગતનું પરીમાણ અને અતિમનસ-જગતના પરમાણને જોડનારું કોઇ તત્ત્વ હાલમાં રચાયું નથી. તે રચાતા જ અતિમનસ જગત ભૌતિક-જગતમાં પ્રગટ થવાની શરૂઆત કરશે. ૩ ફેબ્રુઆરી ૧૯૫૮ની અનુભૂતિએ આ સૂચવ્યું છે.

આ સેતુ રચવાનું પ્રથમ પગલું લેવામાં આવ્યું ત્યારે ૧૩ નવેમ્બર ૧૯૫૮ની અનુભૂતિ આવી. તેમાં માતાજીને અતિમનસ જગતનાં મૂલ્યો અને ભૌતિક-જગતનાં મૂલ્યો તદ્દન ભિન્ન હોવાનો અહેસાસ થયો. તે જ રીતે જગતનું સંચાલન પણ બન્ને જગતમાં જુદી રીતે જ થાય છે તેની પણ ખાતરી થઇ. માતાજી સમજ્યા કે પરમાત્માની સંચાલનની પદ્ધતિ તો એક જ છે પણ તેનાં એક પાસાંને એક જગતમાં મહત્ત્વ અપાય છે અને બીજા પાસાને બીજા જગતમાં. વિશ્વનાં વિવિધ- પરીમાણો એ પ્રભુનાં એકમેવ સ્વરૂપનાં વિવિધ પાસાંઓનો જ જાણે આવિર્ભાવ છે. અતિમનસ જગતમાં બધું સંવાદી, ભર્યુંભર્યું લાગે છે. એકતા અને તાદાત્મ્ય તરફનું તે પગલું છે. ભૌતિક-જગતમાં ભિન્નતા અને અલગતા ઉપર ભાર છે.

(અનુ. પૃ.૩૭ ઉપર)

સાવિત્રી - શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

અચિતનો ઢાંક પિછોડો

પ્રકરણ-૧૫૧

(Savitri B-1, C-5, P- 74-75)

Thus could he step into that magic place
Which few can even glimpse with hurried glance
Lifted for a moment from mind's laboured works
And the poverty of Nature's earthly sight.
All that the Gods have learned is there self-known.

આવી રીતે સમાધિની તે નાવિન્યપૂર્ણ (magic place) અવસ્થામાં અશ્વપતિ પહોંચી ગયો હતો. આ પ્રકાશમય અવસ્થાનું ભાન કવચિત્ જ કોઈક યોગીનાં જ ધ્યાનમાં આવે છે કારણ તેની ચેતના સડેડાટ કરતી ઉપર ચડી જાય છે અને મસ્તકની ઉપર અચલ બ્રહ્મમાં સ્થિર થઈ જાય છે. આ વચગાળાની અવસ્થાઓ એટલી ઝડપે પસાર થતી હોય છે કે તે તેનું ધ્યાન ખેંચી શકતી નથી તેથી તેની ઝાંખી તેને થતી નથી (glimpse) તેની ચેતના એ વખતે વિચારોનાં પ્રવાહોમાં સતત ગૂંથાએલા મનની સક્રિય અવસ્થામાંથી ઉપર ઊઠે છે (mind's laboured works) તેને કારણે તેની અપરા પ્રકૃતિની મર્યાદિત ક્ષમતાઓ રૂપી દારિદ્રયમાંથી પણ તેને છૂટકારો મળે છે. તે અવસ્થામાં બધું જ આંતરપ્રેરણાથી સહજ રીતે મળતું હોય છે જે બધું પ્રભુ તો પહેલેથી જ જાણતા હોય છે પણ સાધક તે ક્રમશઃ મેળવે છે જ્યારે પ્રભુને તેવું કાંઇ કરવું પડતું નથી.

There in a hidden chamber closed and mute
Are kept the record graphs of the cosmic scribe,
And there the tables of the sacred Law,
There is the Book of Being's index page,
The text and glossary of the Vedic truth
Are there; the rhythms and metres of the stars
Significant of the movements of our fate:

ત્યાં સમાધિમાં એક એવી અવસ્થા હોય છે જ્યાં જાણે એક ગુપ્ત બંધ ઓરડી હોય તે ઓરડી રૂપી ચેતનાની અવસ્થામાં મૌનનું જ સામ્રાજ્ય અકબંધ રાખેલું હોય છે. (mute) તેમાં વૈશ્વિક ઘટનાઓનું રેકર્ડ સ્મૃતિચિત્રો રૂપે સંગ્રહી રાખેલું હોય છે અને જગતનાં ભાવી આયોજનની રૂપરેખા પણ ત્યાં જ હોય છે (cosmic scribe) આ સમગ્ર જગતના સંચાલનના અલિખિત નિયમોનું જાણે ત્યાં એક બંધારણ હોય છે (tables) ત્યાં દરેકના ભૂતકાળી અને ભાવિના જીવનની ઘટનાઓની જાણે એક નોંધપોથી હોય છે અને તેને જાણે એક અનુક્રમણિકાનાં પાનાનો ક્રમ (index page) આપેલો હોય છે. ત્યાં જે દિવ્ય નિયમોનું બંધારણ હોય છે. તે લગભગ વેદકાળમાં ઋષિઓએ ઋતંભરા પ્રજ્ઞાથી જણાવેલાં ઋતમ્ - સ્વરૂપનાં હોય છે. ઋતમ્ એટલે હજી ભૌતિક સ્તરે વાસ્તવિક ન બનેલાં બીજરૂપ સત્યો. તેમની પરિભાષા (glossary) પણ વૈદિક ઋષિઓએ આપેલાં સ્પષ્ટિકરણો મુજબ જ હોય છે. તે બધા સંવાદમય આંદોલનો સ્વરૂપે હોય છે. (rhythms) જેને વેદકાળમાં 'છંદ' કહેતા (metres) છંદ એટલે સંવાદમય સૂર-લહેરી જેને કારણે આત્મતત્ત્વનું મૂળ સ્વરૂપ ઢંકાઇ ગયું છે. (છાદનાત્ છંદઃ) છંદ એટલે આચ્છાદન કરતી વસ્તુ, ઢાંકતી વસ્તુ. અને તે આંદોલને ખરેખર તો આપણાં ભાવિની ઘટનાનું સૂચક હોય છે. (Significant) અને તે ગ્રહોના પરિભ્રમણ અને આપસી સંબંધો દ્વારા

સૂચવવામાં આવે છે (આ જ જ્યોતિષનો મૂળ સિદ્ધાંત છે જ્યોતિષ એટલે પ્રકાશમય મનથી ગ્રહોની ગતિ દ્વારા (જ્યોતિષ) જાણેલું જ્ઞાન).

The symbol powers of number and of form,
And the secret code of the history of the world
And Nature's correspondence with the soul
Are written in the mystic heart of life.

આ જ્ઞાનમાં આંકડા (અંક)નાં ગૂઢ પરીણામો અને ક્ષમતાઓ પણ જાણવા મળે છે. અને વિશિષ્ટ ભૌમિતિક આકૃતિઓની ગૂઢ ક્ષમતાઓ પણ સમજાય છે (તેનાં આધારે જ તાંત્રિક યંત્રો તૈયાર કરવામાં આવે છે) આ જ્ઞાનમાં સમગ્ર જગતનો ભૂત અને ભાવિ ઘટનાઓની નોંધ ગુપ્તચિહ્નો દ્વારા સચવાઇ ગયેલી હોય છે. પુરાણોમાં આ ક્ષમતા ધરાવતા તત્ત્વને 'ચિત્રગુપ્ત' કહે છે, ચિત્રગુપ્ત એટલે ગુપ્ત ચિત્રો એટલું જ નહિ પણ નિસર્ગમાંના તત્ત્વોનું મૂળ આત્મિક સ્વરૂપ શું છે તેનું જ્ઞાન પણ અહિંથી જ પ્રાપ્ત થાય છે. આ જે ગુપ્ત ચોપડો છે તે ખરેખર તો વૈશ્વિક હૃદય હોય છે. વ્યક્તિગત હૃદયો જેમાં આપણે ભાવો અનુભવતા હોઈએ છીએ તે આ વૈશ્વિક મનનો જ ભાગ હોય છે. પશ્ચિમમાં આને cosmic intelligence કહે છે.

In the glow of the Spirit's room of memories
He could recover the luminous marginal notes
Dotting with light the crabbed ambiguous scroll,
Rescue the preamble and the saving clause
Of the dark Agreement by which all is ruled
That rises from material Nature's sleep
To clothe the Everlasting in new shapes.

સનાતન આત્માના જન્મોજન્મનાં સંસ્કારરૂપ સ્મૃતિનાં પ્રકાશમાં અશ્વપતિને પ્રકાશમય એવી ઉપનોંધો જણાઇ જે પ્રકાશ - કણોની બનેલી હતી

(Dotting with light) પણ જેનો ગૂઢ અર્થ કાઢવો અને સમજવો મુશ્કેલ થતો હતો (crabbed) પણ આ નોંધો મદદરૂપ થતી હતી અને સમગ્ર વસ્તુની પ્રસ્તાવના (preamble) પૂરું પાડતી હતી અને ભાગ્યની કઠોર નિશ્ચિતતામાંથી કેમ છટકવું તેની યુક્તિઓ પણ દર્શાવતી હતી (saving clause) ભાગ્યની કઠોરતા અચિત્‌નાં પ્રભાવને કારણે રચાયેલી હતી અચિત્‌ આ પ્રકાશમય મનની ચેતનાને અંધકારનાં ઓળાઓથી ઢાંકી તેની સર્વજ્ઞતાની મદદ ન મળે એવો પ્રયત્ન કરી રહ્યું હતું. નિસર્ગની મૂઢ અવસ્થાએ (sleep) જાણે તેની સાથે એક કાળો - કરાર (dark Agreement) કરેલો હતો અને તે અનુસાર જ તે કાર્ય કરી રહ્યું હતું. પણ પેલું પ્રકાશમય મન અને તેણે આપેલી સૂચનાઓ આ કરારમાંથી છટકવાની યુક્તિઓ દર્શાવી રહ્યું હતું.

આ સિમિતતાનાં આવરણે જ સનાતન આત્મ તત્ત્વને વિવિધ આકારોનાં વેશ પહેરાવીને જાણે ઢાંકી રાખેલું હતું.

સારાંશ પ્રભુનાં દિવ્યતત્ત્વોને ઢાંકી રાખવાનું પ્રભુનું જ આયોજન છે. તેઓ ઢંકાઇ ગયા છે માટે જ ઉત્ક્રાંતિ શક્ય બની છે. જો તે પ્રગટ જ રહ્યા હોત અંતર્ધ્યાન ન પામ્યાં હોત તો ક્રમશઃ ચેતનાએ ઉત્ક્રાંત થવાનાં આયોજનનું શું થાત ?

આવી રીતે પ્રભુની સર્વજ્ઞતાને ઢાંકી રાખવામાં આવે છે.

(અનુ.પૃ.૨૫ ઉપરથી)

ઉપનિષદો

તેથી ત્યાં દિવ્યમન અને દિવ્યસમજણ અથવા સંવેદનોનાં સ્વરૂપો જુદાં જ પ્રકારનાં હશે તે માનસિક પ્રયત્ન અને માનસિક સમજણ જેવાં અધૂરાં નહિ હોય.

આપણી ઈન્દ્રિયોએ પણ આ દિવ્યવસ્તુઓનાં આધારે જ કાર્ય કરવું પડશે. તેમના મૂળ તે પછી મનમાં નહિ રહે પણ ચેતનામાં હશે.

મનમાં તેમના હાલનાં મૂળ કેવી રીતે છે તે પણ આપણે હવે પછી સમજી લેવાનું રહેશે.

યોગ વિષે પત્રો - શ્રી અરવિંદ

અવચેતનનું સ્વરૂપ

(ભાગ.૧, પૃ.૩૯૨-૩૯૮)

પ્રકરણ - ૨૩

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

જે કોષ વધારે સૂક્ષ્મ તેમ તે વધારે વિશાળ હોય છે અને જેમ વધારે સ્થૂળ તેમ વધારે સંકુચિત હોય છે. મનોમય કોષનાં વિસ્તારમાં જ પ્રાણમય કોષ છે. પ્રાણમય કોષનાં વિસ્તારમાં જ અન્નમય કોષ છે. સૂક્ષ્મકોષ સ્થૂળકોષની બહાર પણ ફેલાયેલો હોય છે.

આવાં કોષો બાબતનું જ્ઞાન પ્રત્યક્ષ અનુભૂતિથી જ સમજાય છે. બધાં કોષોનાં સ્વરૂપો તદ્દન ભૌતિક - શરીર જેવાં જ હોતાં નથી. પણ થોડીક સામ્યતા દેખાય છે.

અવચેતન અને અચેતનનો પોતાનો કોષ (શરીર) નથી. તે સાગર જેવું પ્રવાહી સ્થિતિમાં હોય છે અને બધાં ઉપર પરીણામ કરે છે. અવચેતનનાં સંસ્કારો જ ચિત્તમાં પ્રવેશતાં સ્વપ્નની શરૂઆત થાય છે. તેમાં સંબદ્ધતા હોતી નથી. તે જાગ્રત - અવસ્થામાં પણ દિવાસ્વપ્નો અથવા માનસપ્રતિમા સાથેના વિચાર - પ્રવાહનાં સ્વરૂપમાં પ્રગટ થાય છે અથવા મનોમય ટેવો સ્વરૂપ મજ્જાતંત્રના પ્રત્યાઘાતો સ્વરૂપે પરીણામ કરે છે. જે - જે કાંઈ ભૂતકાળની વસ્તુઓ છે તેનો ઊભરો જાગૃત્ત મનમાં લાવવો એ જ અવચેતનનું કાર્ય છે.

વારંવાર આવતી માંદગી એ અવચેતનમાંની પુનરાવર્તન કરતી શારીરિક ટેવ છે. દા.ત.એલર્જી

પૃષ્ઠસ્થ ચેતના અને અવચેતન એક વસ્તુ નથી. આંતર-શારીરિક તત્ત્વ,

આંતર-પ્રાણમય તત્ત્વ, આંતર-મનોમય તત્ત્વ એ પૃષ્ઠસ્થ ચેતનાના અંશો છે. પણ તે અવચેતનનાં અંશો નથી. અવચેતનમાં ભૂતકાળનાં સંસ્કારો હોય છે. જ્યારે આ આંતરચેતના તેથી મુક્ત હોય છે.

અવચેતન જાગૃત્ત શારીરિક-ચેતનાની નીચે લગોલગ આવેલ છે. તેમાં પ્રકાશ કે જ્ઞાન અથવા સભાનતા લગભગ નહિવત્ જણાય છે. જ્યારે આંતર-પ્રાણ વગેરે આંતર-ચેતનાઓ જાગૃત્ત હોય છે અને તે બાહ્યચેતનાની 'પાછળ' હોય છે. દા.ત. શારીરિકની પાછળ આંતર-શારીરિક વગેરે. તેઓ સત્ય તરફ વધારે ખુલ્લા હોય છે અને તેથી વૈશ્વિક-ચેતના સાથે સીધા સંપર્કમાં હોય છે.

અવચેતન વૈશ્વિક અને વ્યક્તિગત બન્ને સ્વરૂપોનું હોય છે. વ્યક્તિગત અવચેતન વૈશ્વિક-અવચેતનનો અંશ હોય છે.

વ્યવહારમાં અજ્ઞાનમય બધું જ 'અચિત્' કહેવાય છે પણ અચિત્ એટલે ચેતનાવિહોણું કે જ્ઞાનવિહોણું એવો અર્થ નથી ત્યાં ચેતના અથવા જ્ઞાન હોવા છતાં દબાયેલાં હોય છે. તેઓ પોતાને વ્યક્ત કરી શકતાં નથી. કારણ અભિવ્યક્તિનું સાધન ત્યાં હજી વિકાસ પામેલું હોતું નથી. જે કાંઈ રચાયેલું હોય છે તે ચેતના અને જ્ઞાનને અભિવ્યક્ત થવા જ દેતા નથી અથવા ખૂબ જ વિકૃતરૂપે વ્યક્ત કરે છે.

આપણે જેને અવચેતન કહીએ છીએ તે જાગૃત્ત મન, પ્રાણ, શરીર અને અચેતન બન્ને વચ્ચેનો અર્ધજાગૃત્ત પ્રદેશ છે. જે કાંઈ જાગૃત્ત મન, પ્રાણ, શરીરમાં ઉત્ક્રાંત થાય છે, વિકાસ પામે છે તે બધું અવચેતનમાં બીજસ્વરૂપે હોય જ છે, કારણ અવચેતનનો નિમ્નભાગ એટલે અચેતન અને તેનાં નીચે જ દિવ્ય-ચેતના હાજર હોય છે, જે સર્વજ્ઞ છે. સર્વશક્તિમાન છે. તેમાંથી જ ઊગી નીકળેલો અંકુર અચેતન, અવચેતનને ભેદીને જાગૃત મન, પ્રાણ, શરીરમાં વિકાસ પામે છે. તે સદા જાગૃત્ત ચેતનાનો જ મંદ પ્રકાશ અવચેતનને અર્ધપ્રકાશિત કરતો હોય છે. અવચેતનમાં બધું શક્યતાઓ તરીકે પ્રવાહી સ્થિતિમાં હોય છે.

અવચેતનની પુનરાવર્તનની ક્ષમતા અખૂટ હોવાથી લોકોને લાગે છે કે માનવી-સ્વભાવ બદલવો જ શક્ય નથી. અવચેતન સમગ્ર-પ્રકૃત્તિનો એકમાત્ર પાયો નથી. તે પાયાનો એક ભાગ માત્ર છે. તે અવિદ્યાનું એક અંગ છે. નિમ્નપ્રાણ

અને ભૌતિક-શરીર ઉપર તેનો વધુ પ્રભાવ પડે છે. અવચેતન આપણા સાચા સ્વરૂપનો ભાગ નથી. તે એક અવિદ્યાનાં અનેક આવરણોમાંનુ એક આવરણ છે. આપણું આંતર-સ્વરૂપ એ જ આપણું સાચું સ્વરૂપ છે. તેમાં પરમ-ચેતનાને ધારણ કરવાની અને પ્રગટ કરવાની અખૂટ ક્ષમતાઓ છે. તેનો કેન્દ્રિય ભાગ આપણો ચૈત્યપુરુષ છે. તેમાં બધાં જ દિવ્યતત્ત્વો, સત્ય, શિવ (પવિત્રતા) અને સૌંદર્ય આવેલાં છે. તે સત્યમ્, શિવમ્, સુદરમ્ તરફ ઢળેલો હોય છે. ઊર્ધ્વ-ચેતના તેને કારણે નીચે અવતરણ પામે છે, જેનું કારણ હૃદયનું ખુલ્લાપણું છે. અવચેતનનાં કાર્યોથી હતાશ ન થતા આ ખુલ્લાપણાંને વિકસાવવાની જરૂર છે. જગન્માતા પ્રત્યેની અડગ શ્રદ્ધા આમાં ખૂબ જ મદદરૂપ થાય છે. આ શ્રદ્ધાના જોરે જ નિમ્નપ્રાણની કુટેવોને ભાંગી નાખવામાં આપણે સમર્થ થઈએ છીએ.

અવચેતન આપણી સ્થૂળ-પ્રકૃત્તિનો મહત્ત્વનો પાયો છે. તેમાંથી ઉપર જે ચડી આવે છે તેનો પ્રભાવ સ્થૂળ-પ્રકૃત્તિ ઉપર પડે છે. સામાન્ય લોકો આ પ્રક્રિયા બાબત જરા પણ સભાન હોતા નથી. અવચેતનને પુનરાવર્તનની ટેવ જ મજબૂત કરતી હોય છે. આ ટેવો દૃઢ સંકલ્પથી તોડી પાડવામાં આવે છે ત્યારે આપણાં સ્વરૂપના પર્યાવરણ સ્વરૂપ પ્રકાશ-વલયમાં નિષ્ક્રિય થઈને પડી રહે છે અથવા અચેતનમાં ડૂબકી મારીને ત્યાં રહે છે. ફરી લાગ મળતાં જ તે ઘસારો કરીને પ્રગટ થાય છે, તેથી ટેવો વારંવાર ફરી પડી જતી આપણને લાગે છે.

શરીરમાં પ્રકાશ, શક્તિ અને જગન્માતાની દિવ્ય-શક્તિઓનું અવતરણ કરાવીને જ અવચેતનને ભેદી શકાય છે. ત્યારે જ પેલી છૂપાયેલી ટેવોનો સમૂળ નાશ થાય છે.

દેવી ભાગવતમાં રક્તબીજનું પાત્ર એ અવચેતનની ક્રિયાપદ્ધતિની પ્રતીકાત્મક રજૂઆત છે. રક્તબીજનો અર્થ રક્તના કણેકણમાં, દરેક શારીરિક કોષમાં રહેલું અવચેતન.

श्री भगवत्याराधना

प्रो. पुष्पाबेन पंडया

महासरस्वती

१ कौशलधारिणीं ज्ञेयां सर्वशास्त्राविधायिकाम् ।
ब्रह्मज्ञां ब्रह्मरूपां त्वां प्रपूर्णां पूर्णताप्रियाम् ।।
२ परिश्रमरतां नित्यां प्रशुद्धबुद्धिधारिणीम् ।
लक्ष्यलीनां सुविधां त्वां सर्वदा धृतिधारिणीम् ।।
३ सुव्यवस्थाकरीं सौम्यां सहजज्ञानरूपिणीम् ।
सर्वकलामयीं श्रेष्ठां विद्वज्जनसमुज्वलाम् ।।
४ जाऽयहां सर्वधात्रीं त्वां दऽम्भाडंबरनाशिनीम् ।
उत्साहबलदात्रीं त्वां स्मितोज्ज्वलां सुहासिनीम् ।।
५ सर्वाश्रयां समुत्कर्षां त्वां सकुलकार्यसिद्धिदाम् ।
ज्ञानदां योगदां युक्तां सरस्वतीं नमाम्यहम् ।।

૧ જે કૌશલને ધારણ કરે છે, જે જાણવાયોગ્ય છે, જે સર્વશાસ્ત્રોની રચના કરનારાં છે, જે પોતે અતિ પૂર્ણ છે, જેને પૂર્ણતા પ્રિય છે એવાં આપ મહાસરસ્વતીને હું નમન કરું છું.

૨ જે સદા ય પરિશ્રમમાં લીન છે, જે નિત્ય છે, જે પ્રશુદ્ધ બુદ્ધિને ધારણ કરનારાં છે, જે પોતાનાં લક્ષ્યમાં લીન છે, જે સુવિદ્યારૂપ છે, જે સદાસર્વદા ધૈર્યને ધારણ કરનારાં છે એવાં આપ મહાસરસ્વતીને હું નમન કરું છું.

૩ જે સુવ્યવસ્થા કરનારાં છે, જે સૌમ્ય છે, જે સહજ જ્ઞાનરૂપ છે, જે સર્વ કલામયી છે, જે શ્રેષ્ઠ છે, જે વિદ્વાનોથી સમુજ્જવલ છે એવાં આપ મહાસરસ્વતીને હું નમન કરું છું.

૪ જે જડતાને દૂર કરનારાં છે, જે સર્વને ધારણ કરનારાં છે, જે દંભ અને આડંબરનો નાશ કરનારાં છે, જે ઉત્સાહ અને બળ આપનારાં છે, જે સ્મિતથી ઉજ્જવળ છે, જે સુંદર હાસ્ય કરનારાં છે એવાં આપ મહાસરસ્વતીને હું નમન કરું છું.

૫ જે સર્વના આશ્રયરૂપ છે, જે સર્વનાં ઉત્કર્ષરૂપ છે, જે સર્વ કાર્યોમાં સિદ્ધિ આપનારાં છે, જે જ્ઞાન આપનારાં છે, જે યોગ આપનારાં છે, જે યોગયુક્ત છે એવાં આપ મહાસરસ્વતીને હું નમન કરું છું.

માનસિક અને અતિમાનસિક સમજણ

(ઉપનિષદો, પૃ.૧૪૨-૧૪૭)

મનનાં ચાર કાર્યો વર્ણવેલાં છે - વિજ્ઞાન, પ્રજ્ઞાન, સંજ્ઞાન અને અજ્ઞાન. વિજ્ઞાન એટલે વસ્તુના રૂપરંગ રચના ગુણધર્મો બધાંના એકીસાથે સંવેદનોને અનુભવવાં. તેમાં તે વસ્તુનું સમગ્ર આંતરબાહ્ય જ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. આ અતિમનસ ચેતનાની કક્ષાનું કાર્ય છે. મન તેની છાયા માત્ર હાલમાં પ્રાપ્ત કરી શકે છે. પ્રજ્ઞાનમાં વસ્તુ પાસે જઈ વિશ્લેષણ સમન્વય કરીને તેની આંતરબાહ્ય વિગતો મેળવી લેવામાં આવે છે અને માનસપ્રતિમા તૈયાર કરવામાં આવે છે. સંજ્ઞાન વડે તે માનસપ્રતિમાને લઈને બુદ્ધિ સામે લાવીને રજૂ કરવામાં આવે છે. આમ, પ્રજ્ઞાન વસ્તુ પાસે જઈ માનસપ્રતિમા મેળવે છે. સંજ્ઞાન તે માનસપ્રતિમાને બુદ્ધિ પાસે લઈ આવે છે. બુદ્ધિ વિજ્ઞાનથી તેની વિગતો જાણી લે છે. અજ્ઞાન વડે તે જ્ઞાનનો જીવનમાં કેમ ઉપયોગ કરવો એનો નિર્ણય લેવાય છે. પણ તે વખતે તે વસ્તુને જગતથી સ્વતંત્ર ગણવામાં આવે છે.

(એક રીતે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનાં આ ચાર કાર્યો લાગે છે. મન સંજ્ઞાનનું, બુદ્ધિ વિજ્ઞાનનું, ચિત્ત પ્રજ્ઞાનનું અને અહંકાર અજ્ઞાનનું કાર્ય કરે છે. પણ બધાં કાર્યો અર્ધવિકસિત અને તેથી અપૂર્ણ છે)

આપણી માનવપ્રકૃત્તિમાં આ બધાં જ કાર્યો પ્રગટ રીતે થતાં નથી. આપણે ફક્ત સંજ્ઞાનનું કાર્ય પ્રગટ રીતે અનુભવીએ છીએ અને અંતે, અજ્ઞાનનું કાર્ય અનુભવીએ છીએ; જેમાં સંવેદનો મેળવી મન દ્વારા જ્ઞાન થવું અને અહંકાર દ્વારા તેનો પોતાનાં સ્વાર્થ માટે ઉપયોગ કરવો આ બે વસ્તુ જ અનુભવાય છે.

જ્યારે બુદ્ધિ અતિમનસનો સંપર્ક સાધશે ત્યારે તે સંપર્કના માધ્યમથી અતિમનસ કાર્ય માનવસ્વરૂપમાં શરૂ થશે, જે અંતે અતિમનસના શરીરમાં અવતરણની ભૂમિકા તૈયાર કરશે.

હાલમાં સંજ્ઞાન અને અજ્ઞાનનું કાર્ય મન અને અહંકાર અધૂરાં સ્વરૂપે ઝડપથી કરી શકતાં નથી. બુદ્ધિ વિશ્લેષણ અને સમન્વયની પ્રક્રિયાઓ કરીને તે કાર્ય માંડ માંડ થોડું ઘણું કરી શકે છે. ચિત્ત પણ અવચેતનના પ્રભાવ નીચે હોવાથી પોતાનું કાર્ય કરવામાં અવરોધ અનુભવે છે.

જ્યારે બુદ્ધિ અતિમનસ સાથે થોડીઘણી સંપર્કમાં આવે છે ત્યારે જ વિચક્ષણ પુરુષો, પ્રતિભાવંત વ્યક્તિઓ જન્મે છે, જે આ વસ્તુને ઝડપથી કરી બતાડે છે.

હાલમાં અતિમનસ જ પાર્શ્વભૂમિમાં રહીને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારના કાર્યો પાર પાડવા પ્રયત્ન કરી રહ્યું છે. તેથી સાચો જ્ઞાતા અને પ્રભુ તો અતિમનસ-ચેતના છે; મન, બુદ્ધિ વગેરે નહિ. અતિમનસમાં વિજ્ઞાન અને અજ્ઞાન પૂર્ણ વિકસિત હશે અર્થાત્ ત્યાં પૂર્ણ સમજણ હશે અને તેનો ચેતનાના વિકાસમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની દૃષ્ટિ પણ હશે. આ બધું તેમાં પહેલેથી જ હશે.

જો આમ જ હશે તો પછી સંવેદનો બહારથી મેળવવાની પ્રક્રિયાનો અને માનસિક સમજણનો ઉપયોગ શું રહેશે ?

તે બન્ને પ્રક્રિયા બિનમહત્ત્વની નહિ બને પણ ઓછાં મહત્ત્વની રહેશે. જો ચેતનાનો વિકાસ થઈ ઉપરની ચારે પ્રક્રિયા સમાન સુસંવાદી રીતે વેગીલી બનશે તો આપણને અતિમનસ કાર્યની થોડીઘણી ઝાંખી મળશે.

પરમ-ચેતનામાં દરેક વસ્તુ અને વ્યક્તિ માટેનાં મૂળ સંકલ્પો તેનાં પોતાનાં જ અંગ તરીકે હશે અને તેને જાણવાની પ્રક્રિયા સ્મૃતિ જેવી બનશે જેમાં ફક્ત સ્વ-પ્રગટન, સ્વ-આવિર્ભાવ જ હશે. કોઈ માનસપ્રતિમા બહારથી લવાશે નહિ, કારણ પરમ-ચેતના સર્વત્ર છે. તેની બહાર કોઈ વસ્તુ જ નથી. તેણે જ બધાં રૂપો લીધેલાં છે.

(અનુ.પૃ.૧૯ ઉપર)

વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)

પ્રકરણ -૧૬

સમજૂતી - માનસિંહ ચાવડા

આ જે ધિઃની એકથી એક ઉત્ક્રાંત અવસ્થા છે તેમનો વિકાસ કરાવવાનું કામ મિત્ર અને વરુણ કરે છે. મિત્ર તેને ઊર્ધ્વ સત્યો સાથે સંપર્કમાં મૂકી આપે છે. તેમની સાથે સંવાદમાં કેમ રહેવું તે શીખવે છે. ઊર્ધ્વ ચેતનાઓ વિશાળ બનતી જવાથી આ સંપર્કને કારણે તે ધિઃ પણ વિશાળતા ધારણ કરે છે. આ કામ વરુણનું છે. ધિઃનો પ્રભાવ વ્યક્તિનાં વધારે તત્ત્વો ઉપર પ્રસ્થાપિત થવો અને ઊર્ધ્વમાંનાં તત્ત્વો સાથે સંપર્કમાં રહી તે મુજબનું પ્રકાશમય સ્વરૂપ ધારણ કરવું એ જ છે. તેને કારણે વિશાળતા ધારણ કરવાનો, શુદ્ધ થવાની અને અશુદ્ધિ સ્વરૂપ શત્રુઓના નાશ કરવાની આવી ત્રિવિધ ક્રિયા થાય છે. વિશાળતા ધારણ કરવી તેને 'બૃહન્તિ' કહે છે. શુદ્ધ થવું એને 'પૂતદક્ષ' પવિત્રતાની સભાનતા કહેવાય છે અને અશુદ્ધિઓનાં નાશને 'રિશાદસ' કહેવાય છે. આ બધાં શબ્દપ્રયોગો આપણે જોઈએ છીએ તે મંત્રોનાં પ્રથમ અને બીજા મંત્રમાં વપરાયેલા દેખાય છે.

ધિઃ માંની અશુદ્ધિઓને જ તેમનાં પરીણામોની દૃષ્ટિએ વૃત્ર, નમુંચિ, પણિ, વલ, પિશાચ, રાક્ષસ, અસુર અને દસ્યૂ કહે છે. ધિઃને અજ્ઞાનથી આવૃત્ત કરનાર વૃત્ર છે. અશુદ્ધિની વારંવાર આવેગ નિર્માણ કરનાર અને તેમાંથી છૂટવા ન દેનાર, કેડો ન મૂકનારને 'નમૂચિ' કહે છે. (ન+મુંચ = કેડો ન મૂકનાર) લોભમાં ફસાવનારને પણિ કહે છે. (પણિ - એ વખતનું નાણું હતું.) ધિઃને પોતાની નબળાઈ માટે જ અહંકાર નિર્માણ કરનાર 'વલ' છે. (ગુજરાતીમાં વળ ખાનાર

વ્યક્તિ તરીકે જાણીએ છીએ.) આપણા ઉપર ક્રૂર હુમલો કરનારને પિશાચ કહે છે. પિશ એટલે ભાંગી નાંખવું. પિશુનનો અર્થ છે ઘાતકી. આપણી પ્રાણશક્તિને ગેરમાર્ગે દોરનાર અને અવચેતન અને અચેતનના પ્રભાવનું રક્ષણ કરનાર તે જ રાક્ષસ (રક્ષ = સંરક્ષણ કરવું) પ્રભુના દિવ્ય સંકલ્પ સાથે સંવાદમાં ન રહેતા બેસુર, વિસંવાદી રીતે વર્તનાર અસુર છે.

વેદોમાં સંવાદિતાને 'મયસ્' તરીકે પણ વર્ણવે છે, કારણ તે આંતરિક આનંદ પ્રગટ કરે છે.

મિત્ર અને વરુણ અ રીતે પ્રભુના દિવ્ય-સંકલ્પરૂપી બીજસ્વરૂપ સત્ય, ઋત્ સાથે સંબંધમાં હોઈ તેનું કાર્ય કરે છે. તેથી તેમને 'ઋત્સ્પર્શા' વિશેષણ આ બીજા મંત્રમાં લગાડે છે તેમ જ તે બંને દૈવી-શક્તિઓ ઋત્‌ના આધારે જ વૃદ્ધિ પામે છે. માટે તેમને 'ઋત્વૃધા' તરીકે વર્ણવેલ છે.

છેલ્લા મંત્રમાં મિત્ર અને વરુણ આપણા સ્વરૂપમાંનાં નિમ્ન તત્ત્વોને કેવી રીતે મઠારે છે તેની વિગત આપવામાં આવે છે. તેઓ અંતે ચિત્તની સંકુચિતતા નષ્ટ કરે છે અને તેને વિશાળ અને નિર્મળ ચિત્ત. સત્યદૃષ્ટા ઋષિ (કવિ)ના ચિત્તની (ઉરુ) બધી જ મલિનતા નષ્ટ થતાં જ (ક્ષયમ્ અર્થાત્ ચિત્તશુદ્ધિ થતાં જ તેવા શુદ્ધ ચિત્તમાં પેલા મિત્ર અને વરુણ વિશેષ ખાસ માનસિક રૂપો ધરી આવિર્ભાવ પામે છે.

(તુવિજાતા : તુ + વિ + જાતા) આનો અર્થ છે એક હોવા છતાં(તુ) વિશેષરૂપે (વિ) જન્મેલા (જાતા) આવો પણ એક અર્થ છે અને તુવિ + જાતા પદચ્છેદ મુજબ જોઈએ તો વિવિધરૂપે (તુવિ) જન્મેલા (જાતા) એવો પણ અર્થ થાય છે. બીજા અર્થમાં પ્રસંગાનુસાર જુદાં જુદાં રૂપો લે છે, એવો અર્થ છે. જ્યારે પ્રથમ અર્થમાં પ્રસંગાનુસાર ખાસ રૂપ ધારણ કર છે. અંતે, આ બંને અર્થ એક જ વસ્તુ સૂચિત કરે છે કે તેઓ પ્રસંગ કે ઘટનાની માંગ અનુસાર રૂપો બદલે છે અને કાર્ય કરે છે. તેને કારણે સાધકના ચિત્તની મલિનતા ધોવાઈ જાય છે. (ઉરુ + ક્ષયા) બીજો અર્થ છે ઉરુક્ષયા એટલે વિશાળતા ધારણ કરનાર. ઉરુનો અર્થ સંકુચિતતા પણ છે. તેનો નાશ એટલે વિશાળતા ધારણ કરવી.

હવે ત્રીજા મંત્રના અંતિમ ભાગ ઉપર આવીએ. ચિત્તશુદ્ધિથી એકાગ્રતા (દક્ષં) પ્રાપ્ત થાય છે એમ પતંજલિ જણાવે જ છે. જેના ત્રણ તબક્કા તરીકે તે ધારણા, ધ્યાન, સમાધિને વર્ણવે છે. પ્રથમ તબક્કામાં તે ધ્યાનના વિષયમાં ધારણ કરવાની ક્ષમતા વધે છે. બીજા તબક્કામાં એકાગ્રતાની અને અંતિમ તબક્કામાં ધિઃ અર્થાત્ શારીરિક ચેતના નિર્લેપ (સમ) બની જાય છે. મન શાંત, સ્થિર બની જાય છે. સર્વત્ર આત્મતત્ત્વનાં દર્શન થાય છે. તેથી તેવી ધિઃ બધે સમાન જ પ્રતિભાવ આપે છે. આમ, સમત્વની સ્થાપના આ ત્રીજા તબક્કાનું કાર્ય છે. આ સમત્વને જ 'અપસમ્' શબ્દથી સૂચવેલ છે. અપ એટલે શાંત સરોવર જેવું નિસ્તરંગ. અર્થાત્ સમાધિ અવસ્થા પ્રાપ્ત કરે છે.

અપસમનો બીજો પણ અર્થ થાય છે. અપ શબ્દનો અર્થ નીચે અવતરણ પામવું એવો પણ છે. દા.ત. અપાન વાયુ અપ + આન = નીચે ગતિ કરનાર વાયુ એવો અર્થ થાય છે. અપ્સરા આ શબ્દમાં પણ નીચે ગતિ કરાવનાર અર્થાત્ ઋષિઓનું તપોભંગ કરાવનાર એવો અર્થ છે. સારાંશ, અપસમ્‌નો અર્થ નીચે અવતરણ પામનાર એવો અર્થ લઈએ તો એનો અર્થ થાય છે એકાગ્રતાને કારણે (દક્ષં) મિત્ર અને વરુણને નીચે અવતરણ પામી પોતાનું દિવ્ય કાર્ય શારીરિક-ચેતનામાં પણ, કોષોમાં પણ (ધિઃ) કરવાની ક્ષમતા આપે છે.

શ્રી અરવિન્દે અપસમ્‌નો અર્થ નીચે અવતરણ પામી કાર્ય સિદ્ધ કરવો એવો લીધો છે જે બરાબર જ છે.

શ્રી અરવિન્દનું માનવજાતને પ્રદાન

શ્રી અરવિન્દે ભારતને અને જગતને ચાર મુખ્ય સહાયો આપેલી છે.

(૧) ભારતની રાષ્ટ્રીય જાગૃત્તિ અને સંપૂર્ણ સ્વાતંત્ર્યની તીવ્ર તૃષા

(૨) વેદોનાં ઊંડાણ ભરેલાં અને નવા જ સાચા અર્થ ઘટનો.

(૩) અતિમનસ (વિજ્ઞાનમય) ચેતનાની ફરી વાર શોધ અને અવતરણ

(૪) સમગ્ર જીવનને આવરી લેતી યોગ-પ્રણાલિ.

મધર ઈન્ડિયા - સપ્ટે.૧૯૯૯ પૃ.૯૦૭-૯૦૮

શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દની નિવૃત્તિ

પ્રકરણ - ૪૩

(પૃ.૧૮૬-૧૯૦)

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

1. I have to spend 12 hours over the ordinary correspondence. P. 186
2. There is a poignant chapter in the Mahabharat describing his miseries and bothers with his people in Dwarka which is very illumining. P. 188
3. There was a danger of my real work remaining neglected or undone if I did not change my course and devote myself to it. P. 188
4. The actual results of the outer activity were very small. P. 188
5. Tha major movement of the inner spiritual work needs an equal concentraion and persistence. P. 188
6. There is no obligation of gloom, harshness, austerity or lonely grandeur in this Yoga. P. 188
7. My retirement itself was indispensable; otherwise I would not be now where I am i.e. personally near the goal. P. 189

8. The psychic is not responsible for my aloufness or retirement... it is the mass of opposition that I have to face which is responsible for that. P. 189

9. A spiritual life can be led by me without a view to a comeback hereafter for the greatest good of the greatest India. P. 189

શ્રી દિલિપકુમાર રૉયે પત્ર લખેલો. શ્રી અરવિન્દ કરતાં શ્રીકૃષ્ણ ઉપર પત્રવ્યવહારનું ભારણ ઓછું હતું. પણ આંતરિક મદદનાં પોકારનાં જવાબરૂપે તો બંને સરખી જ દોડધામ કરતાં હતાં. પણ શ્રીકૃષ્ણે પોતાનાં શિષ્યો વધાર્યા નહોતા જ્યારે શ્રી અરવિન્દ ઉપર તે બીજું એક વધારાનું ભારણ હતું એમ જણાવેલું.

શ્રી અરવિન્દ મહાભારતમાંના એક અધ્યાયમાં શ્રીકૃષ્ણે એવી રજૂઆત કરી છે કે તેમનાં સગાસંબંધી અને દ્વારકાની પ્રજાની મુશ્કેલીઓ દૂર કરવામાંથી તેઓ નવરા જ થતા નથી.

શ્રી અરવિન્દે જે નિવૃત્તિ સ્વીકારી તે કાંઈ તેમનાં ચૈત્યપુરુષની માંગણીને કારણે નહીં. ચૈત્યપુરુષ તો સતત પ્રભુના કાર્યનો નિમિત્ત થવાં અથાક રીતે કાર્ય કરતો જ હોય છે. તેનું કાર્ય બાહ્ય સ્વરૂપ ઓછું લે છે એ વાસ્તવિકતા છે અને લે છે તે તો સાધનાની ઉચ્ચકક્ષાએ જ. નિમ્ન-કક્ષાએ તે આંતરિક કાર્ય કરીને આંતરિક પ્રકૃત્તિને બદલતો હોય છે. તે અવસ્થા પરિપકવ થતાં જ તે બાહ્યપ્રકૃત્તિમાં પ્રગટ થવાં માંડે છે. રૂપાંતર ત્રણ ગતિ ધારણ કરે છે - અંદરથી બહાર, ઉપરથી નીચે, પાછળથી આગળ. શ્રી અરવિન્દની સાધના તો એકાંતની માગણી કરતા ચૈત્યપુરુષની પ્રાથમિક-કક્ષા ક્યારની વટાવી ચૂકી હતી.

પણ નિવૃત્તિ એ બાહ્ય પરિસ્થિતિની માંગણીરૂપે હતી. શ્રી અરવિન્દ જો ફક્ત પત્રવ્યવહાર ઉપર જ ૧૨ કલાક કામ કરે તો તેમનું જે મૂળ કાર્ય છે તેને હાનિ પહોંચવાની શક્યતા જોઈને જ તેમણે વધુ સમય મેળવા નિવૃત્તિ સ્વીકારી.

સાધનામાં લોકોને મદદ કરવા અને પોતાની સાધનાને ઊર્ધ્વગતિ આપવા બંને માટે આંતરિક એકાગ્રતાની અખંડ જરૂરિયાત રહે છે.

પણ શ્રી અરવિન્દને પરિસ્થિતિના દબાણ નીચે નિવૃત્તિ સ્વીકારવી પડી એટલે પૂર્ણયોગમાં ઉદાસીન વાતાવરણ, કઠોરતા, તપશ્ચર્યાનો તાપ અને એકાંતવાસ આવશ્યક છે એવી ગેરસમજ ન કરવી જોઈએ. શ્રી માતજી જ તેનો દાખલો છે - પ્રભુએ સોંપેલા કાર્ય અનુસાર જ જીવનનો ઘાટ ઘડાવો જોઈએ.

શ્રી અરવિન્દની નિવૃત્તિ પાછળ મહાન ઉદ્દેશ હતો. તેમણે રાજકારણમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય લીધો તે પાછા ન ફરવાનો જ અને તે નિવૃત્તિનો અર્થ હતો મહાન ભારતનું મહાન કલ્યાણ.

અલિપોર જેલમાં શ્રીકૃષ્ણે તેમને સંદેશ આપેલો. સહસ્રાવધિ કાળથી ઋષિમુનિઓએ સનાતન - ધર્મને વિકસાવવાનો પ્રયત્ન આદર્યો હતો. તે પ્રયત્ન હવે પૂરો થવાની અણીએ છે. (વિજ્ઞાનમય ચેતના અવતરણ કરીને પોતાનું જગત ભૌતિક સ્તરે રચવા પ્રવૃત્ત થવાનો સમય પાકી ગયો છે અને તે પછીના આનંદમય જગતનો માર્ગ ખુલ્લો કરી આપવાની છે. આ બે જગતોના આવિર્ભાવ વચ્ચેનો તબક્કો અન્ય તબક્કાઓ કરતા ખૂબ જ ટૂંકો રહેવાનો છે. આ રીતે સનાતન - ધર્મના અંતિમ વિકાસનો તબક્કો શરૂ થઈ ગયો છે.)

..... અને આમ, ભારત ફરીવાર જગતગુરુ તરીકે પોતાનો વિકાસ સાધી રહ્યો છે. તેનું સ્વાતંત્ર્ય પણ તે જ હેતુ માટે આપવામાં આવી રહ્યું છે. અને આ કાર્ય માટે જ શ્રી અરવિન્દને મોકલવામાં આવેલા. તે જ તેમના જીવનનો મૂળ હેતુ હતો. શ્રી અરવિન્દે તે માટે જ રાજ-સંન્યાસ લીધો, અને તે જ કાર્ય માટે તેઓ હવે આશ્રમની પ્રવૃત્તિઓ પણ શ્રી માતાજીને સોંપીને પોતે વધારે એકાગ્ર સાધના કરવા નિવૃત્તિ સ્વીકારી રહ્યાં છે. આ નિવૃત્તિ તેમના જીવન-હેતુને સાધ્ય કરવા જ લીધેલી હતી. તેમણે શ્રીકૃષ્ણના આદેશ અનુસાર જ કાર્ય કરવાનો નિશ્ચય કરેલો. વિવેકાનંદ જેવા પણ સૂક્ષ્મ જગતમાંથી તેમને મદદરૂપ થવા તૈયાર હતા.

યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

‘અહં’ના વિલયની શરૂઆત

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૫૩

સમજૂતી – કમલેશ માંડવિયા

- ...... એ નીરવ બ્રહ્મ આત્મા રૂપે સર્વમાં એક રૂપે વ્યાપી રહેલો છે. અને તે છતાં એ સર્વથી પર પણ રહેલો છે. પૃ.૪૯
- ..... તે પરાત્પર હોઈ વ્યક્તિ અને વિશ્વ બંન્નેનાં જીવનથી પર છે, ઊર્ધ્વમાં છે. પૃ.૪૯
- ..... આ વિશ્વ પુરુષમાં પ્રવેશ કરવો એટલે જ ‘અહં’થી મુક્ત બનવું. પૃ.૪૯
- ..... ત્યાર પછી આપણી ચેતનામાં ‘અહં’ રહે છે કાં તો એક નાનાં સરખા કરણરૂપ બની રહે છે. અથવા તો આપણી અંદરથી..... વિલય પામી જાય છે. આનું નામ ‘અહં’નું નિર્વાણ. પૃ.૪૯
- ..... આપણે ..... પરાત્પરને..... વટાવી જઈ શકીએ..... લય, મોક્ષ કે નિર્વાણને પ્રાપ્ત કરવાનો એ માર્ગ બની શકે છે. પૃ.૫૦
- ..... આપણી ચેતના ઊર્ધ્વ ભૂમિકા પ્રત્યે ખુલ્લી થાય તેનું પરીણામ હમેંશા શાંતિમાં, નીરવતામાં અને કર્મના નિર્વાણની સ્થિતિમાં જ આવવું જોઈએ એવું નથી. પૃ.૫૦

સાધક..... પ્રથમ..... ઊર્ધ્વમાં મહાન શાંતિ અનુભવે છે..... આખરે એ શાંતિ..... નિઃસીમ બની વિસ્તરે છે. પૃ.૫૦

- ..... ઊર્ધ્વમાં આરોહણ કર્યા પછી એ વસ્તુઓ ઉપરાંત બીજી વસ્તુઓ વિષે

પણ સાધક સચેતન થઈ શકે છે. પૃ.૫૦

*****

વ્યક્તિગત 'અહં'માંથી મુક્તિ અને વૈશ્વિક ચેતનામાં પ્રવેશમાં જે પ્રાથમિક અનુભવો આવે છે તે વિષે શ્રી અરવિન્દ જણાવી રહ્યાં છે.

બ્રહ્મ સર્વવ્યાપી છે. તેની અનુભૂતિ કક્ષાનુસાર કરી શકાય છે. આ નીરવ બ્રહ્મ આત્મારૂપે સર્વવ્યાપી છે. તે વ્યક્તિમાં વ્યક્તિથી પર વિશ્વમાં પણ છે અને વિશ્વાતીત પણ છે. જડ-ચેતન સર્વમાં વ્યાપ્ત આ બ્રહ્મરૂપી આત્મ-તત્ત્વ જ છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ આ માટે 'પાણી ભરેલા ઘડા'નો દાખલો આપી સમજાવતા. સમુદ્રમાં ઊંડે - ઊંડે 'પાણી ભરેલો ઘડો' પોતાની અંદર પાણી, પોતાની બહાર પાણી અને એક પ્રકારની એકરૂપતા, એક જ તત્ત્વની સર્વ વ્યાપકતા અનુભવે છે, તે રીતે સાધક આત્મ-તત્ત્વને અનુભવે છે. પોતાની અંદર, પોતાને વીંટળાઈને, પોતાની ચારે-કોર એની વ્યાપ્તી અને સઘનતા અનુભવે છે. આ અનુભૂતિમાં 'અહં' જાણે કે વિલય પામે છે. જેમ માટીના ઘડાનું ચોમેર સમુદ્રમાં જે અને જેવા પ્રકારનું અસ્તિત્વ રહે છે તે જ રીતે સાધક એક પ્રકારનું કરણ બનીને પ્રભુનું કાર્ય કરતો હોય છે. તેથી શ્રી અરવિન્દ જણાવે છે કે 'અહં'નું નિર્વાણ એ પાયાની અનુભૂતિ છે અને તે આધ્યાત્મિક રીતે જરૂરી પણ છે. આ અનુભૂતિને શ્રી અરવિન્દ સાવિત્રીમાં ખૂબ જ સુંદર રીતે ટૂંકમાં વર્ણવેં છે. :

The landmarks of the little person fell,
The island ego joined its continent. (Savitri, Pg. 25)

વ્યક્તિગત સીમા-ચિન્હો ઓગળી જાય છે અને સાધક એક અસીમતામાં પ્રવેશી જાય છે. અને વિશ્વ પુરુષમાં સ્થાયી થાય છે.

ત્યારબાદ વિશ્વાતીત અવસ્થાઓ છે તેનો સાધકને અનુભવ આવે છે. આ વિશ્વાતીત અનુભૂતિમાં સાધક અનુભવે છે કે વ્યક્તિગત ચેતના, વૈશ્વિક

ચેતના અને વિશ્વાતીત ચેતના એક જ છે. ફક્ત તેને સ્થાયી રીતે અનુભવવાના બિંદુઓ અને સ્થરો જુદાં-જુદાં હોય તેની અનુભૂતિ પણ અલગ-અલગ લાગે છે. અહીં પ્રથમ સાધકને આત્મ-તત્ત્વની સર્વ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ જણાય છે. સાથે - સાથે સાધક અનુભવે છે કે તે એક પ્રકારની અવર્ણનીય મુક્તિમાં પ્રવેશતો હોય તેવું લાગે જે તેણે આ જ દિવસ સુધી ક્યારેય અનુભવી નથી. આ જ મોક્ષ કે નિર્વાણ તરફ જવાનો માર્ગ છે. આત્મ - તત્ત્વનું નિષ્ક્રિય પાસું છે. 'સર્વમ્ શૂન્યમ્ શૂન્યમ્'ની અનુભૂતિ છે.

શ્રી અરવિન્દ આપણને આગળ લઈ જાય છે. નિષ્ક્રિય પાસાંમાં અટકવાનું નથી. પરંતુ ઊર્ધ્વારોહણમાં જે અનુભૂતિ અને ચેતનાની સાંકળ છે, જે સળંગ અને લયબદ્ધ છે, તેને અનુસરવાનું છે. શ્રી અરવિન્દ ઊર્ધ્વારોહણમાં આવતી પ્રાથમિક અનુભૂતિ જણાવી રહ્યાં છે.

સાધક ઊર્ધ્વમાં આરોહણ કરે એટલે હંમેશા શાંતિ, નીરવતા કે અચલતા જ હોતા નથી. તે ઉપરાંત બીજું ઘણું બધું હોય છે. પરંતુ શાંતિ અને નિષ્ક્રિયતા અગ્રભાગે હોય તે સઘનરીતે અનુભવાય છે. ધીરે - ધીરે આ મહાન અને ગહન શાંતિ એક નિઃસીમતા ધારણ કરવા લાગે છે અને સાધક અનુભવે છે તે પણ જાણે વિસ્તરતો જાય છે. તે અનુભવે છે પોતાનાં મસ્તક ઉપર એક નિઃસીમ સ્વતંત્ર એવી અચલતા અને શાંતિ આવેલા છે. જાણે નિઃસીમ શાંતિનો સમુદ્ર ન હોય. સાધક આ નિઃસીમતામાં સ્થિર રહીને પોતાનાં 'દિવ્ય સંકલ્પ'ને જીવનમાં પ્રગટાવવા માટે શ્રી માને પ્રાર્થના અને અભીપ્સા કરે તો તેને તેનાં ઉપરના પ્રદેશો અને અન્ય વસ્તુઓ તરફ સક્રિય પાસાં બાજુ લઈ જવામાં આવે છે. અહીં સુધી 'વ્યક્તિગત પસંદગી'ની સ્વતંત્રતા હોય છે.

વ્યક્તિગત પસંદગીની અહીં સીમાઓ પૂરી થાય છે અને સાધક શ્રી માતાજીની સક્રિય ચેતનામાં પ્રવેશે છે. ભૌતિક જગતમાં પ્રભુનું કાર્ય કરવાં માટેનો આ નૂતન જન્મ હોય છે.

પ્રકરણ - ૫૧

પંદર - ઑગસ્ટનું મહત્ત્વ

(૧૫-૮-૨૬) (પૃ.૨૪૫-૨૪૮)

સમજૂતી - માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દ : પંદરમી ઑગસ્ટનાં મહત્ત્વ વિષે મને પૂછવામાં આવેલું તે વિષે વાત કરીશ. તેમાં અંગત બાજુનો ઉલ્લેખ નહીં કરું પણ યોગિક બાજુનો જ ઉલ્લેખ કરીશ.

સામાન્ય ચેતના કરતાં જુદી ચેતના, પ્રકાશ અને શક્તિને અવતરણ કરાવી ભૌતિક-જીવનને ઊર્ધ્વકૃત કરવું એ આ યોગનો હેતુ છે.

આ વસ્તુ ત્રણ ઘટનાઓ ઉપર આધાર રાખે છે. (૧) ઊર્ધ્વમાં તે મુજબ નિર્ણય લે તો (૨) જગતમાં લોકો આ યોગને સ્વીકારી સાધના કરે તો (૩) અવતરણ પામ્યા પછી રોજીંદા જીવનમાં તેનો સ્વીકાર સતત થાય તો.

આજના દિવસે આપણે બીજી અને ત્રીજી શરત પૂર્ણ કરવાનો સંકલ્પ લેવાની જરૂર છે. તે મુજબ આજનો દિવસ સમર્પણનો, આત્મનિરિક્ષણનો અને ભાવિ પ્રગતિનો છે. આત્મનિરીક્ષણ કરીને ખોટી ગતિઓનો ત્યાગ એ જ પરિત્યાગ છે અને ભાવિપ્રગતિ માટેનો સંકલ્પ અને ઇચ્છા એ જ અભીપ્સા છે.

આ પ્રગતિને ધપાવનાર શક્તિ છે અતિમનસ. તેનો જીવનમાં સ્વીકાર કરવાનો રહે છે અને સત્ય-ચેતનામાં જીવન ધારણ કરવાનું છે.

ઊર્ધ્વમાં અંતિમ નિર્ણય લેવાય તે માટે આજનાં દિવસને નિર્ણાયક

બનાવો. આ રીતે જ સિદ્ધિમાં આપણે મદદરૂપ થઈ શકીશું.

આપણામાં શું પરિવર્તન તૈયાર થયું, શેમાં પરિવર્તનની જરૂર છે. શું પૂર્ણતાએ પહોંચવાનું છે. શું પ્રતિકાર કરી રહ્યું છે. શું હજી અસ્પષ્ટ છે, તે સમજી ને તેને માટે ઊર્ધ્વ-શક્તિને નીચે અવતરણ કરવાની અભીપ્સા સેવવી જરૂરી છે.

આ માટે આજે અંતર્મુખ થાઓ. ઉત્કટ એકાગ્રતામાં રહો. આંતરિક અસ્તિત્વને ગ્રહણશીલ બનાવો. બહિર્મુખ પ્રવૃત્તિને ગ્રહણશીલ બનાવો. બહિર્મુખ પ્રવૃત્તિને ત્યાગો. આંતરિક શક્તિઓનો દુર્વ્યય ટાળો (બોલબોલ કરીને, ખોટી દોડધામ કરીને, ટીકા ટીપ્પણી કરીને, ખોટી ચિંતા કરીને, પોતાનો સ્વાર્થ સાધીને, મનનાં વિકારોને છૂટોદોર આપીને આપણે શક્તિનો દુર્વ્યય કરીએ છીએ.)

બીજી બાજુ પ્રકાશને સ્વીકારો. દરેક કાર્યને યોગ સાથે જોડો. દરેક વિચાર અને ભાવનાને યોગ માટે ઉપયોગી બનાવો, ધ્યાન કરો જેથી યોગસાધના સફળ બને.

આવું સમર્પણ આજનાં રોજે જરૂરી છે.

સવારે મારી પાસે આવો તો મન, પ્રાણ ને ગ્રહશીલતાને નમનીય કરીને આવો તમારા આંતિરક અસ્તિત્વને આ બધું સ્પર્શવું જોઈએ.

મનને આધ્યામિક અનુભૂતિઓ થવી. બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થાય, વૈશ્વિક ચેતનાનો અનુભવ આવે. અચલ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય, થોડાક પ્રકાશ કે શક્તિનું અવતરણ થાય તો પહેલાંનાં લોકો યોગ કર્યાનો સંતોષ માનતાં. આપણાં માટે આ ફક્ત પ્રાથમિક તૈયારી રૂપ જ છે. અહંથી પર જવું. જીવન વિષે સૂચનો મળવાં, વૈશ્વિક શક્તિઓ પ્રત્યે ખૂલ્લાં થવું આ બધું આપણાં માટે પ્રાથમિક તૈયારીઓ જ છે.

આપણા દરેક તત્ત્વમાં મન, પ્રાણ, શરીરમાં વિશ્વવ્યાપકતાનો, પરમ શાંતિનો અનુભવ થવો જરૂરી છે.

આપણા યોગમાં શારીરિક અસ્તિત્ત્વ રૂપાંતર ન પામે ત્યાં સુધી પ્રાણમય અસ્તિત્ત્વ રૂપાંતર પામતું નથી. એ પ્રાણમય અસ્તિત્ત્વ રૂપાંતર ન પામે ત્યાં સુધી મનોમય અસ્તિત્ત્વ પણ રૂપાંતરિત થતું નથી. સમગ્ર રૂપાંતરની આપણા યોગમાં અપેક્ષા છે.

તેમ જ જ્યાં સુધી બાહ્ય શારીરિકનું રૂપાંતર ન હોય ત્યાં સુધી આંતરિક શારીરિકનું રૂપાંતર થવું શક્ય નથી. સમગ્ર સ્વરૂપનું થયા સિવાય સ્થાયી રૂપાંતર શક્ય જ નથી. તેમજ સમગ્ર રૂપાંતર સમગ્ર સમર્પણ ઉપર જ આધાર રાખે છે.

સારાંશ, માનવ પ્રકૃત્તિનો દરેક ભાગ રૂપાંતરિત કરવો જરૂરી છે. બાકાત રાખવો એટલે ત્યાં સત્યનો ઈન્કાર જ હોય છે. આવી રીતે બાકાત રાખવાથી આંશિક રૂપાંતરની જૂની ભૂલ ફરી કરશું.

ફક્ત પરમાત્માને જ પસંદ કરો. નિમ્નપ્રકૃત્તિને જરા પણ ચલાવી ન લો. આપણાં પ્રયત્નોમાં માનવી અધિરાઈ ન હો, નિરુત્સાહ ન હો, પ્રભુનો સંકલ્પ સિદ્ધ થશે તેમાં દૃઢ શ્રદ્ધા રાખો.

આજના દિવસે આ બધું કરવું જરૂરી છે.

(અનુ.પૃ.૧૫ ઉપરથી)

માતૃવાણી

બીજું, પરીમાણ બદલાય ત્યારે તમને એવાં સંવેદનો જાગે છે જાણે અત્યાર સુધી તમે સપાટી ઉપર જીવતા હતાં અને હવે અંદરનું સાચું જીવન જીવવાની શરૂઆત કરી છે. દર પરીમાણનાં પરિવર્તન વખતે આવો જ અનુભવ આવે છે.

આમ, ચેતનાનો વિકાસ એક રાત્રી તરફથી બીજી રાત્રી તરફનો હોય છે. છતાં તમે સત્યનાં સૂર્યની વધુ પાસે પહોંચતા હો છો.

સૂર્યપ્રકાશ તો ત્યારે જ પથરાશે જ્યારે તમે પૂરેપૂરા પ્રભુને સમર્પિત થઈને પોતાને તેમને સોંપી દેશો, તો જ આ વિભિન્ન-રાત્રીમાંનો પ્રવાસ ટૂંકાવી નાખવામાં આવશે. પ્રભુના સંકલ્પને સમર્પણ આ જ આનો સુરક્ષિત માર્ગ છે.

વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

વેદકાલિન પ્રખ્યાત વ્યક્તિઓ

પ્રકરણ - ૧૭

૧ અભ્યાવર્તી ચાયમાન અને સ્રોંજર્ય પ્રસ્તોક :

અભ્યાવર્તી પોતે રાજા છે. તેનાં પિતાનું નામ ચાયમાન. તેનો સમકાલીન રાજા સૃંજય પુત્ર પ્રસ્તોક બન્નેના પડખે-પડખે રાજ. બન્નેનો પરાજય વારશિખોએ કર્યો. તેથી તેઓ ભારદ્વાજ ઋષિ પાસે આવ્યાં. ભારદ્વાજ ઋષિએ ઈન્દ્રની સ્તુતિ કરી. પ્રસન્ન થઈ ઈન્દ્ર તેમની મદદે હર્યુપીયા નદીના કાંઠે આવ્યા. ત્રણેએ મળીને વારશિખોનો વધ કર્યો. વિજય બાદ અભ્યાવર્ત ચાયમાન અને સ્રોંજર્ય બન્ને રાજા ભારદ્વાજ ઋષિના આશ્રમે ગયા અને તેમને પ્રચૂર ધન આપી નવાજ્યા. બન્ને રાજા પોતાની દાનવૃત્તિથી પ્રખ્યાત થયાં. ભારદ્વાજ અને તેમના પુત્ર ગર્ગે તેમની સ્તુતિ કરી છે. (બૃ.૫.૧૨૪, ૫-૧-૩૯) (ઋ/સાભા, ૬-૨૭) (બૃ. ૫.૧૪૦)

૨ ઉશનસ્ :

ઉશનસ્ પોતાની કાવ્ય-શક્તિને લીધે કાવ્ય-ઉશનસ્ તરીકે પણ પ્રસિદ્ધ છે. ઈન્દ્ર તેમનાં ચાહક હતાં. જ્યારે ઈન્દ્રે કુત્સની સાથે મળી શુષ્ણનો વધ કર્યો, ત્યારે તેમનાં રથમાં દધીચિનાં હાડકામાંથી વજ્ર તૈયાર કર્યું હતું. ઉશનસ્ કવિ બુદ્ધિમાન, વીર અને સર્જન કાર્યમાં પ્રવીણ હતાં. (ઋ. ૯-૯૭-૭) (૧-૧૨૧-૧૨)

૩ ઋર્ણચય :

રૂશમોંના રાજા ઋર્ણચયે પોતાનાં સોમયજ્ઞમાં અત્રિપુત્ર બભ્રુને ઋત્વિજ

તરીકે પસંદ કર્યા અને દક્ષિણામાં ગાયો અને ખૂબ ધન આપ્યું. (ઋ. સા.ભા.૫.૩૦) (ઋ. ૫-૩૦-૧૨) ઋ. ૫.૩૦)

૪ કુત્સ :

અર્જુન પુત્ર કુત્સ પ્રસિદ્ધ ગાયક હતો. તેથી તે કુત્સાર્જુનેયમ્ નામથી પ્રસિદ્ધ હતો. ઈન્દ્રનો તે ખાસ મિત્ર હતો. એ તેના રથમાં બેસતો. શુષ્ણ સાથે કુત્સના યુદ્ધમાં ઈન્દ્રની સહાયતાથી કુત્સ શુષ્ણને મારી નાખે છે. (ઋ.૭-૨૫-૫) (ઋ. ૧-૧૧૨-૨૩) (ઋ. ૧-૧૨૧-૯) (ઋ ૫-૩૧-૯)

૫ તરંતમહિષી શશીયસી :

રાજાતરંત જે વૈશ્વઋષિનાં પુત્ર હતાં. તેમની પટ્ટરાણી, ધર્મપત્ની શશીયસી ખૂબ જ સુંદર હતી. રાજા રથવીતિનાં યજ્ઞમાંથી ઋત્વિજ તરીકે ઋષિ અત્રિના પૌત્ર અર્ચમાનસ અને તેનાં પુત્ર શ્યાવાશ્વને ઘણું ધન દાનમાં મળ્યું. તેમને રસ્તામાં આવતાં રાણી શશીયસીને મળવાની ખૂબ ઈચ્છા હતી. પણ તે સફળ થઈ નહિ. પણ આગળ જતાં તેમને રસ્તામાં પ્રત્યક્ષ રાજા તરંત અને તેમનાં ભાઈ રાજા પુરુમીળહ મળ્યાં. રાજા તરંતને વાત ખબર પડતાં તેમણે પોતાની રાણીને ત્યાં બોલાવી. અર્ચમાનસ અને શ્યાવાશ્વને તેમની મુલાકાત કરાવી આપી. રાણીએ તેમને પ્રચૂર ધન, ઘેટાં, બકરાં આપ્યાં. તેથી શ્યાવાશ્વે તેમની સ્તુતિ કરેલી જે વેદોમાં છે. મૂળ તો શ્યાવાશ્વને રાજપુત્રીનો હાથ માંગવો હતો પણ તે શક્ય ન બન્યું. (બૃહ.૫-૬-૩-૬૪) (ઋ. સા.ભા. ૫.૬૧)

૬ ત્રસદસ્યુ પૌરુકુત્સ્ય :

ઋષિ પુરુકુત્સના પુત્ર ત્રસદસ્યુ હતા. તેઓ રાજર્ષિ હતાં. તેમણે પોતે જ પોતાની સ્તુતિ કરેલી છે જે વેદોમાં જોવા મળે છે. (ઋ. ૫-૬૧-૫) (ઋ. સા.ભા. ૫.૬૧)

૭ રથવીતિ દાર્ભ્ય :

ઋષિ દર્ભનાં પુત્ર રથવીતિનાં મહાન યજ્ઞમાં ઋત્વિજ પદે અત્રિપુત્ર અર્ચનાનસ તથા અત્રિ પ્રપૌત્ર શ્યાવાશ્વને પસંદ કર્યા હતાં. યજ્ઞ પૂરો થયો. ઋષિ

અર્ચનાનસે રથવીતિની રાજકુમારીને પોતાની પુત્રવધુ તરીકેનો પ્રસ્તાવ મૂક્યો. પણ અર્ચનાનસનો પુત્ર શ્યાવશ્વ ઋષિ ન હોવાથી તે રથવીતિએ માન્ય ન કર્યો. પણ પાછળથી ઋષિ થતા સામે જઈ પોતાની રાજકન્યા ઋષિ શ્યાવાશ્વને આપી. (ઋ. ૫-૬૧-૧૭-૧૯) (ઋ. સા.ભા. -૫૬૧)

૮ બૃબુતક્ષા:

તક્ષા એટલે સુથાર. તેનું નામ બૃબુ તેથી તેને બૃબુતક્ષા કહેતા. તેણે ઋષિ ભારદ્વાજને ઘણું દાન કરેલું. તેનો ઉલ્લેખ મનુસ્મૃતિ (૧૦-૧૦-૭)માં પણ છે એક વખત ઋષિ ભારદ્વાજ પોતાનાં પૂત્ર માર્ગ સાથે એક અરણ્યમાંથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે ત્રણ દિવસ તેમને અન્ન ન મળ્યું. તેમને બૃબુતક્ષા મળી ગયો. તેણે તરત તેમને ઘણી ગાયો આપી. (ઋ. સા.ભા. ૬-૪૫-૩૧) (બૃહ. ૫-૧૦૮)

૯ ઋષિ વામદેવ:

તેઓ ગૌતમ ઋષિનાં વંશજ હતાં. વામદેવે ઋષિ અને પિતૃ તર્પણમાં કૂતરાનાં આંતરડાં રાંધ્યાં હતાં. ઈન્દ્રે શ્યેન પક્ષી બનીને તેમને મધ આપેલું. ઈન્દ્ર અને વામદેવ ના વાક્યુદ્ધમાં ઈન્દ્ર હારી ગયાં હતાં. તે પછી ઋષિઓની સભાએ ઈન્દ્ર અને વામદેવ બન્નેને વિક્રય-કર આપવાની શરૂઆત કરેલી. (બૃહ. ૪-૧૨૭) (૪-૧૩૨) (૪-૧૩૩) (ઋ. સા.ભા. ૪-૧૮)

૧૦ સોમક સહોવ્ય:

સોમક પોતે રાજા સહદેવનાં પુત્ર હતાં. તેમણે પણ દાન આપીને કીર્તિ મેળવી હતી.

૧૧ આસંગ:

આસંગ અને તેમનાં પત્ની શશ્વતી - આંગિરસે દાન કરેલું તેથી મેઘાતિથિ ઋષિના તપોબળે શ્રાપથી તેઓ સ્ત્રી બની ગયેલાં, તે ફરીવાર પુરુષ બની ગયાં. તેમણે ઋષિ મેઘાતિથિની જેમ ઋષિ મબલકને ઘણું દાન આપેલું. તેમણે પોતે જ પોતાના દાનની સ્તુતિ લખી છે. (ઋ.સા.ભા. ૮-૧) (બૃહ. ૬.૪૧) (ઋ. ૮-૧-૩૦-૩૩)

૧૨ ઋક્ષાશ્વમેધા:

ઋક્ષ અને અશ્વમેઘ (ઋ ૮-૬૮-૧૫) કશુચૈદ્ય (ઋ. ૮-૫-૩૮-૩૯) કુરૂંગ (ઋ.૩૮-૪-૧૯-૨૧ સા.ભા.) તિરિંદર પારશવ્ય (ઋ. ૮-૬-૪૬-૪૮) રાજર્ષિ ત્રસદસ્યુ પૌરકુસ્ય (ઋ.૮-૯-૩૬-૩૭) પાકસ્થામાં કોરયાણ (ઋ. ૮-૩-૨૧-૨૪) પૃથુશ્વા કાનીત (ઋ. ૮-૪૬-૨૧-૨૪) પ્રસ્કણ્ય (ઋ. ૮-૫૫ અને ૮-૫૬-૧-૪) આ લોકોના પણ દાનના ઉલ્લેખો જોવા મળે છે. તેમજ વરુ સૌષામ્ણ (ઋ. ૮-૨૪-૨૮-૩૦) કાશીનરેશ વિભિન્દુ (ઋ ૮-૨-૪૧-૪૨) કુરંગ (ઋ. ૮-૪૧-૯-૨૧) શ્રુતર્વા આથર્ય (ઋ-૭૪-૧૩-૧૫) સુદાસ પેજવન (ઋ ૭-૧૮-૨૨-૨૫) આ લોકો પણ મહાદાની હતાં.

૧૩ ચિત્ર:

કણ્વપુત્રસોભરિ કુરુક્ષેત્રમાં યજ્ઞ કરાવી રહ્યાં હતાં. ત્યારે ઉંદરોએ તેમનો હવિર્દ્રવ્ય લીધો. તેથી તેમણે ઉંદરોનાં રાજા ચિત્રે સરસ્વતીની સ્તુતિ કરેલી. મૂળતો ચિત્ર મૂષક વંશના રાજા હતાં. તેમના લોકોએ તે હવિદ્રવ્ય ચોરી લીધેલું. ચિત્રે સરસ્વતી નદીનાં કિનારે ઈન્દ્ર માટે યજ્ઞ કરેલો અને ઋષિઓને ખૂબ દાન આપેલું. (ઋ. ૮-૨૧-૧૮)

(અનુ.પૃ.૪૨ ઉપરથી) **ધી મધર્સ એજન્ડા**

લોકોને પોતાનાં પ્રકાશમાં આવરી લેવાના પ્રયત્ન જેવો નથી. આવી ઘટના ફક્ત તે વ્યક્તિની કલ્પના ટકી રહે છે ત્યાં સુધી જ રહે છે અને પછી વિલીન થઈ જાય છે. પણ માતાજીનો આ તાદાત્મ્યભાવ અને એકરૂપતા કાયમી સ્વરૂપની છે તે કલ્પના કરે તો જ નિર્માણ થાય છે એવું નથી પણ કલ્પના ન કરીએ તો પણ અનુભવાય છે. ('વ્યાપ્તી' સિદ્ધિમાં પ્રાસંગિક એકરૂપતા જ સધાય છે.

આ વેદોમાંના 'વિરાટ'ના દર્શન છે. 'વિશ્વરૂપ'નાં દર્શન છે વૈશ્વિક-શરીર સાથે માતાજીએ એકરૂપતા સાધી લીધી છે, તેથી બીજાના બધાં શરીરો તેમને પોતાની અંદર જ અનુભવાય છે.

ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

'વિરાટ'નું દર્શન - વિશ્વરૂપદર્શન

પ્રકરણ - ૧૭

સમજૂતી - માનસિંહ ચાવડા

It is that oneness, that identification with other bodies which is responsible for feeling, for that person's misery... It is a FACT. - 1968-2610.

I do not sense the limits of my body any more... And it is not like a person expanding himself to take others within himself. It is not that : It's a force, a consciousness which is 'SPREAD OUT' over things. -- (1971 -1711, 1970-58)

માતાજીનું વ્યક્તિત્ત્વ પેલી પ્રકાશમય ચેતનામાં ઓગળી ગયું છે. તેમનું શરીર તે પ્રકાશનો આકાર તરીકે જ અનુભવાય છે તે શરીરને હવે નક્કરતા રહી નથી. પેલાં અસીમ પ્રકાશનું વમળ એટલે જ શરીર લાગે છે.

આ પ્રકાશ જ બધાં શરીરોનો મૂળભૂત પદાર્થ છે તેથી આ પ્રકાશ દ્વારા માતાજી માનવમાત્ર સાથે એકરૂપતા અનુભવે છે. આ તાદાત્મ્યતાને લીધે જ બીજી વ્યક્તિમાં નિર્માણ થતાં સુખદુઃખનાં આંદોલનો માતાજીને પોતાના શરીરમાં થતાં અનુભવાય છે. આ તાદાત્મ્યભાવથી જ માતાજી બીજાની સમસ્યાઓ જાણે છે.

માતાજીનો આ તાદાત્મ્યભાવ એટલે કોઈ વ્યક્તિની માનસિક કલ્પનાથી

(અનુ.પૃ.૪૧ ઉપર)

યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દના ટૂંકા જવાબો

વિભાગ - ૨

પ્રકરણ - ૧

સમજૂતી - માનસિંહ ચાવડા

(૧૧) દર્શનદિનને વધુ સાર્થક કરવાની રીત

સાધક : મેં 'પી'ને કહ્યું કે મારામાં ભડકે બળતી અભીપ્સા છે. અને તે અગ્નિ સાથે જ હું સતત બળતો રહેવા માંગું છું. 'પી' (સાધિકા) એ કહ્યું ''હવે ૧૫ ઓગસ્ટનાં દર્શન-દિનને ફક્ત દસ જ દિવસ રહ્યાં છે.'' મેં કહ્યું ''મારું તો મંતવ્ય એવું છે કે શ્રી માતાજીનાં જન્મદિન બાદ અર્થાત્ ૨૧ ફેબ્રુઆરી બાદ દરેક દિવસને ૧૫ ઓગસ્ટ સમજી જવલંત અભીપ્સામાં પ્રભુને સમર્પિત થઈને જીવવું જોઈએ.''

શ્રી અરવિન્દ : એ સાચી ભૂમિકા છે. દરેક દિવસે દિવ્ય-ચેતાનાનું અવતરણ અને સંપર્ક થવો શક્ય છે. એવાં ભાવથી જ રોજે-રોજ સાધના કરવી જોઈએ. તેવી રીતે આખું વર્ષ જીવશો તો ૧૫ ઓગસ્ટે તમને દિવ્ય-ચેતનાનો લાભ વધુ મળવાની શક્યતા રચાશે. તમે સાધનામાં અગ્રેસર થશો.

(૧૨) પ્રાણ ચૂસનાર અને સામાન્ય નર-નારીમાંનો મૂળ તફાવત

સાધક : મેં એક અમદાવાદની સાધિકા સી'નું વર્ણન કરેલું છે. ખૂબ જ પ્રખર કામવાસનાગ્રસ્ત પ્રાણચૂસી લેનાર વ્યક્તિ હતી. પણ લોકો તેમનાં પ્રત્યે માતાજી તરીકેનો ભાવ રાખતા. તેથી લોકો વારંવાર તેમને મળવા જતાં અને અધ્યાત્મની વાતો કરતા,

કોઈક વખત રાજકારણી પણ આ માટે આવતા. પણ પાછા ફરતાં ત્યારે ચૂચાઈ ગયેલાં અને થાકેલાં જ પાછાં ફરતાં. (તેમને એક લાગતું કે તેઓ તે માતાજીનો તીવ્ર દિવ્ય-પ્રભાવ ઝીલી શકતા નથી તેથી તેમને થાક લાગે છે.)

શ્રી અરવિન્દ : તે સાધિકાને મળ્યાં બાદ આવતો થાકનો અનુભવ તે સ્ત્રી પ્રાણચૂસી લેનાર છે એ નિશ્ચિત. પણ ઘણી વખત સામેની વ્યક્તિ પ્રાણચૂસી લે છે તેનું પરીણામ મોડું-મોડું અનુભવાય છે. તેનું પ્રભામંડળ નબળું પડીને પૂરતું સંરક્ષણ આપતું નથી. તેની જીવનશક્તિ ઓછી થવા લાગે છે અને પછી તેમાં મનોરોગનાં લક્ષણો પ્રગટ થાય છે. સ્વભાવ ઉગ્ર અને અસ્થિર બને છે. સર્વસામાન્ય કામસંતુષ્ટિની ક્રિયામાં બન્ને વ્યક્તિ પ્રાણશક્તિ આપે પણ છે અને મેળવે પણ છે પણ પ્રાણચૂસનારનું વ્યક્તિત્ત્વ આથી તદ્દન ભિન્ન પ્રકારનું છે. તે અન્યની પ્રાણશક્તિ ચૂસી લે છે, પણ આપવાનું નામ પણ લેતી નથી.

(પૃ.૫૦ ઉપરથી) **શ્રી અરવિન્દ - આવિર્ભાવ-દિન**

માનવમાં આવિર્ભાવ પામે છે. પ્રભુની આ કૃપા માનવની પાર્થિવ ચેતનાનું અતિમનસ ચેતનામાં રૂપાંતર કરી આપે છે.

માનવમાં અતિમનસ ચેતનાનો આવિર્ભાવ એટલે માનવમાં રહેલ અસત્‌નું સત્‌માં રૂપાંતર. માનવમાં રહેલાં તમસ્‌નું જ્યોતિમાં રૂપાંતર અને મૃત્યુનું અમૃતત્ત્વમાં રૂપાંતર.

શ્રી કરુણામયી માને પ્રાર્થના કે આપણે શ્રી માતાજીના આર્દશ બાળક તરીકે જૂઠાણાં ઉપર વિજય પ્રાપ્ત કરીએ અને તે દ્વારા શ્રી અરવિન્દનાં આવિર્ભાવદિનને સાર્થક કરીએ. તે માટે શ્રી માતાજી તરફથીપ્રકાશ, ચેતના અને શક્તિ પ્રાપ્ત થાય.

ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

સત્ય અને અસત્યનાં આંદોલનો (૯૯-૧૦૨)

પ્રકરણ - ૫૮
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૨૧૩-૨૨૨)

સમજૂતી - માનસિંહ ચાવડા

સત્યનું આંદોલન આ રીતે 'નિયતિ' બદલી શકે છે.

આ વસ્તુને તમે સમજાવવા પ્રયત્ન કરો તો મનનાં પ્રદેશમાં પ્રવેશી જાઓ છો. જે વિકૃત્ત રજૂઆત કરવા માંડે છે. બધું પહેલેથી અસ્તિત્વમાં છે જ. તેમને બદલી શકતા નથી. છતાં મનના પ્રદેશમાં તો બદલવાની, એકને બદલે બીજી સ્થાપવાની વાત આપણને કરવી પડે છે.

શ્રી અરવિન્દ આ જ વસ્તુ જણાવે છે કે પ્રભુ માટે ભૂત, વર્તમાન, ભવિષ્ય નથી. બધું જ છે જ તો પછી વિકાસ, ક્રમ, ઉત્ક્રાંતિ, પોતાનો પ્રયત્ન, આ બધાનું શું? બધું જ 'નિયત' છે?

પણ ઘણી વખત આપણે સત્ય અને અસત્ય બન્ને આંદોલનોને એકી વખતે નિહાળવામાં યશસ્વી થઈએ છીએ. ત્યારે આ વિરોધાભાસનાં સંવેદનો જાગે છે.

ખરેખર તો અનુભૂતિમાં કાયમ સત્યનો એક અંશ પ્રગટ થતો હોય છે. શાશ્વત ચેતનામાં પૂર્ણસત્ય છે. તે આપણને ગહન અને અવર્ણનીય લાગે છે. તેમાં આપણે જેને સત્ય અને અસત્યનાં વિરોધી આંદોલનો કહીએ છીએ તેમાં પણ સંવાદમયતા અનુભવાય છે સમગ્રતા અનુભવાય છે.

સારાંશ, આપણને જે અસત્ય લાગે છે તેમાં પણ પ્રભુને 'સત્ય' દર્શન થતું હોય છે.

બાળક : તેનો અર્થ સત્યચેતના ધારણ કરતાં જ આ જગતનો નાશ નહિ થાય પણ રૂપાંતર થશે.

માતાજી : પણ બેટા, આપણને જગતમાં જડતા અનુભવાય છે. તે ભ્રમ તો નથી જ. તેમાં કાંઈક તો સત્ય રહેલું જ છે. સર્વવ્યાપી આત્મતત્ત્વની સભાનતાની સ્થિતિમાં પણ વિવિધતા, વસ્તુઓની સ્વતંત્રતા અનુભવાય છે અને તે નક્કર વાસ્તવિક લાગે છે. તે ફક્ત વ્યક્તિગત આંતરિક અનભૂતિ માત્ર હોતી નથી.

મને પોતાની વ્યક્તિગત અલગ ચેતનાનું ભાન શારીરિક કક્ષાએ પણ નથી છતાં વાસ્તવિક જગત તો અનુભવાય જ છે સારાંશ શ્રી અરવિન્દ તેને પૃથ્વી અને સૂર્યની ચેતના વચ્ચેનાં સંબંધો કહે છે અર્થાત્ ભૌતિક ચેતના અને આત્મચેતનાના સંબંધો તરીકે વર્ણવે છે.

સારાંશ અકસ્માત નિવારણનાં કિસ્સામાં પણ ઊર્ધ્વ ચેતનાનો હસ્તક્ષેપ એ પણ પહેલાંથી જ નિયત થયેલી નિયતિ હતી.

સત્યચેતના નિમ્નચેતનાઓ ઉપર જે પોતાનો અધિકાર રાખે છે તે અહિં સ્પષ્ટ થઈ જાય છે પ્રભુની દૃષ્ટિમાં બધું જ છે. તે ફક્ત વિવિધ નવાં સંબંધો તેમાં જોડી લીલાનો આનંદ લે છે.

પૃથ્વીને લગતી આપત્તિનું નિવારણ પણ સત્ય-ચેતનાનાં અનુપ્રવેશની ઘટનાથી જ કરવામાં આવે છે એમ મને લાગે છે. લોકો તેને પ્રભુની કૃપા ગણે છે તેમાં સત્ય તો છે જ.

બાળક : માતાજી, રૂપાંતરની પ્રક્રિયા એ શું સત્ય ચેતનાનાં આંદોલનનો અનુપ્રવેશ જ હશે?

માતાજી : હા, તેમજ છે.

બાળક : તેમાં સંવાદમયતાનું આંદોલન સતત આવવા માંડશે, બરાબર છે?

માતાજી : એકદમ બરાબર, મને જે સત્ય બાબતની અખંડતા રહે છે. તે આવા સતત વહેતા સત્યનાં આંદોલનોનાં કારણે. અન્ય લોકો તૈયાર નહિ હોય તો તેમના શારીરિક કોષો તેને અનુભવી નહિ શકે. જે ગ્રહણ કરશે તે અનુભવશે. અહંકાર તેને અનુભવવામાં બાધારૂપ બને છે. શારીરિક-કોષોની સંવેદનશીલતા અને સત્યનાં આંદોલનને ધારણ કરવાની ક્ષમતા ઉપર જ બધો આધાર છે. જ્યારે કોષ સત્યનાં આંદોલનને ધારણ કરે છે ત્યારે તેમાં તેજોમય ફુગાવો થાય છે.

(અનુ.પૃ.૪૭ ઉપર)

સંઘની (સામૂહિક) શક્તિ

પ્રકરણ - ૩૧

એક જંગલમાં નવો જ પારધિ આવ્યો. તેણે એક ઝાડ નીચે દાણા વેર્યા અને ઉપર જાળ બીછાવી. દાણાની લાલચે કબૂતરોનું આખું ટોળું સપડાયું.

તેમાં એક વૃદ્ધ અનુભવી કબૂતર હતું. તેણે બધાંને શાંત રહી પોતે કહે ત્યારે ઊડવા કહ્યું, 'પારધિ પાસે આવતાં જ વૃદ્ધ કબૂતર બોલ્યું ''ઉંડો''

અને બધાં કબૂતર એકી સાથે ઊડ્યાં. સાથે જાળ પણ લેતા ગયા. સંપ હોય ત્યાં શક્તિ આવે. એકલું કબૂતર જાળ સાથે ના ઊડી શકે પણ સમગ્ર સંઘ ધારે તો તે કામ કરી શકે.

પારધિએ તો દાણાં ખોયા ને સાથે જાળ પણ ગૂમાવી.

(પૃ.૪૬ ઉપરથી)

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

મને સત્ય અને અસત્યના આંદોલનો સાથે જ ફરતાં દેખાય છે. વ્યક્તિ જે આંદોલન સ્વીકારે તેવું દર્શન તેને થાય છે. ઘણી વખત સત્યનું આંદોલન ઉપરથી મસ્તક દ્વારા શરીરમાં પ્રવેશતું અનુભવાય છે. તે અવતરણ ઓછું વધતું બધામાં થતું જ હોય છે. જાણે ટપક-યોજના ન ગોઠવી હોય ! વૈદિક ઋષિઓ આને અગ્નિની જ્વાલા કહેતાં કારણ તે પ્રકાશમય હોય છે. આવા અવતરણ વખતે ઘણી વખત આંતરિક અવરોધને કારણે શરીરમાં તાવ અનુભવાય છે. બે ત્રણ દિવસ પહેલાં મને આવો અનુભવ આવેલો.

આપણે નીરવ અને શાંત, તટસ્થ અને નિરપેક્ષ રહેવું પડે છે. આપણી સમતુલા ખોવી ન જોઈએ. વિશાળ શાંતિ પહેલેથી જ સ્થપાયેલી હોવી જોઈએ. સમજવાનો પ્રયત્ન ન કરશો. ફક્ત ગ્રહણશીલ બની રહો. પછી કાંઈક બનશે.

શ્રી અરવિન્દ
આવિર્ભાવદિન - ૧૫ ઑગસ્ટ - દર્શન દિન

શ્રી અરવિન્દના આવિર્ભાવના હેતુને સમજવામાં આપણને શ્રી માતાજી એ ૨૪ એપ્રિલ ૧૯૫૭ના રોજ દર્શનદિન નિમિત્તે આપેલ સંદેશો મદદરૂપ થાય છે.

April - 24 - 1957

In the enternity of becoming each Avtar is only the announcer, the forerunner of a more perfect future realisation.

25-3-1957 - The Mother

૨૪ એપ્રિલ, ૧૯૫૭

સંભૂતિની શાશ્વતીમાં પ્રત્યેક અવતાર એક વધારે પૂર્ણ ભાવિ સાક્ષાત્કારની માત્ર ઘોષણા કરનાર એક પુરોધા હોય છે.

૨૫.૩.૧૯૫૭ - શ્રી માતાજી

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ શ્રી અરવિન્દ અવતાર તરીકે ભાવિ સાક્ષાત્કારની માત્ર ઘોષણા કરવા આવિર્ભાવ પામ્યા હતા તે સમજાવવા માટે આપણને ઉપનિષદનો મંત્ર મદદરૂપ થાય છે.

From the nonbeing to the being,
And from the darkness to the Light,
And from death to emmortality.
Om Peace ! Peace ! Peace ! - Upanishad

અસત્‌માંથી મને સત્‌ પ્રતિ લઈ જા,
તમસમાંથી મને જ્યોત પ્રતિ લઈ જા,
મૃત્યુમાંથી મને અમૃતત્ત્વ પ્રતિ લઈ જા.
ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ ! - ઉપનિષદ

ઉપનિષદનો આ મંત્ર ઋષિઓના દર્શનરૂપે હતો, પરંતુ હકીકત સ્વરૂપે ન હતો. શ્રી અરવિન્દે ઉપરોક્ત મંત્ર નીચે So be it લખ્યું છે, જેનો અર્થ થાય કે આ મંત્ર હકીકત રૂપે સિદ્ધ થાય. શ્રી અરવિન્દનો આ મંત્ર આશ્રમ દ્વારા દર્શનદિન ૨૪ નવેમ્બર, ૧૯૫૮ના સંદેશ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. જે નીચે મુજબ છે.

November 24, 1958
From non-being to the being,
from the darkness to the Light,
from death to immorality.
Om Peace ! Peace ! Peace ! (Upnishad)
So be it. - Sri Aurobindo

૨૪ નવેમ્બર, ૧૯૫૮
અસત્‌માંથી મને સત્‌ પ્રતિ લઈજા,
તપસ્‌માંથી મને જ્યોતિ પ્રતિ લઈ જા,
મૃત્યુમાંથી મને અમૃતત્ત્વ પ્રતિ લઈ જા.
ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ ! (ઉપનિષદ)
તથાસ્તુ - શ્રી અરવિન્દ

ઉપનિષદનાં મંત્રની શ્રી અરવિન્દે ‘તાથાસ્તુ’ લખીને આપણને સમજાવ્યું છે. તે મંત્ર હવે ફક્ત દર્શનરૂપે નથી પરંતુ વાસ્તવિક હકીકત બની ગયો છે. અને માનવ તે સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે.

જે આપણને શ્રી અરવિન્દના જીવન દ્વારા અનુભવાય છે. શ્રી અરવિન્દે માનવ સ્વરૂપે અપરાપ્રકૃત્તિ સાથે દેહ ધારણ કર્યો હતો. પરંતુ શ્રી અરવિન્દ તેમની પૂર્ણયોગની સાધના દ્વારા સિદ્ધ કરી આપેલ છે કે માનવ પશુ માનવમાંથી દિવ્ય માનવમાં રૂપાંતર પામી શકે છે.

શ્રી અરવિન્દે વ્યક્તિગત સ્વરૂપે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, જેનાથી તેમને જરા પણ સંતોષ ન હતો. એટલે શ્રી અરવિન્દે સમગ્ર પૃથ્વીની પાર્થિવ ચેતના અતિમનસ ચેતનામાં રૂપાંતરીત થાય તે માટે તેમની સાધના ચાલુ રાખી હતી.

શ્રી અરવિન્દ પાર્થિવ ચેતનાનું અતિમનસ ચેતનામાં રૂપાંતર પામે તે માટે

સ્થૂલ દેહમાં હતા ત્યાં સુધી પ્રયત્નશીલ હતાં. જ્યારે શ્રી અરવિન્દે તેમનાં પાર્થિવ દેહનો ત્યાગ કર્યો ત્યારે તેમણે પાર્થિવ ચેતનાનું અતિમનસ ચેતનામાં રૂપાંતર સાધી શકાય છે તે સિદ્ધિ શ્રી માતાજીના દેહમાં ટ્રાન્સફર કરી હતી. શ્રી અરવિન્દની આ સિદ્ધિની મદદથી શ્રી માતાજીએ ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ પૃથ્વીની પાર્થિવ ચેતનામાં અતિમનસ ચેતનાનું અવતરણ સિદ્ધ કર્યું હતું.

શ્રી માતાજીએ પૃથ્વીની પાર્થિવ ચેતનામાં અતિમનસ ચેતનાનું અવતરણ સિદ્ધ કર્યું હોવાં છતાં માનવની ચેતના શા માટે અતિમનસ ચેતનામાં રૂપાંતર પામી નથી ? તેનું કારણ એ છે કે માણસની ચેતના અતિમનસ ચેતના પ્રત્યે ખુલ્લી થઈ નથી. આને સમજાવવા માટે આપણને સૂર્યોદય થાય ત્યારે આપણાં ઘરનાં બારી દરવાજા બંધ હોય તો આપણાં ઘરમાં સૂરજનો પ્રકાશ દાખલ થઈ શકતો નથી, તે રીતે માનવ અતિમનસ ચેતના પ્રત્યે પોતાની જાતને હજી ખુલ્લી કરી નથી. જે આપણને અતિમનસ ચેતના અવતરણની ઘટના દ્વારા સમજાય છે.

અતિમનસના અવતરણ પછી શ્રી માતાજી ધ્યાનમાંથી બહાર આવ્યાં ત્યારે શ્રી માતાજીએ અનુભવ્યું હતું કે આશ્રમમાં ફક્ત બે વ્યક્તિને અતિમનસની અનુભૂતિ થઈ હતી. બાકીના સાધકો જેવાં હતાં તેવાં જ હતાં. તેમના ઉપર અતિમનસની કોઈપણ પ્રકારની અસર અનુભવાતી ન હતી. આ ઘટનાને સમજાવવા માટે આપણને શ્રી માતાજીનું નીચેનું અવતરણ મદદરૂપ થાય છે :

''અતિમનસ તે પોતે જ સત્ય છે એટલું જ નહિ, એ છે જૂઠાણાનો ઈન્કાર. જે ચેતના જુઠાણાનું આશ્રય સ્થાન છે, એવી ચેતનામાં અતિમનસ કદાપિ અવતરણ નહિ કરે. સ્થિર નહીં થાય અને આવિર્ભાવ પણ પામશે નહિ.''

(CWM : 15 : 90) - શ્રી માતાજી

શ્રી માતાજી સમજાવે છે કે જ્યાં જૂઠાણું છે ત્યાં અતિમનસ આવિર્ભાવ પામતું નથી. તો જૂઠાણું એટલે શું ? જૂઠાણું એટલે માનવમાં રહેલું તમસ્, અજ્ઞાન, અહંકાર વિગેરે. જૂઠાણાંમાંથી મુક્ત થવા માટે સાધકે શ્રી અરવિન્દે 'મા' પુસ્તકમાં અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગનાં પુરુષાર્થ સમજાવ્યાં છે. તે પુરુષાર્થને આચરણમાં મુકવાનાં છે. માનવના પુરુષાર્થનાં પ્રત્યુત્તરરૂપે પરમ પ્રભુની કૃપા

(અનુ.પૃ.૪૪ ઉપર)



શ્રી અરવિંદ

Or a revealing Force sweeps blazing in;
Out of some vast supperior continent,
Knowledge breaks through trailing its vadiant seas
A Nature trembles with the power, the flame.

The Secret Knowledge - Savitri 1-4-47

દિવ્યજ્ઞાન અને શક્તિનું અવતરણ

અથવા સમજણ - શક્તિના વાયરા, ઝંઝાવાતી વહે,
કોઈ ઊર્ધ્વ વિશાળ ખંડથી, જે દિવ્ય-ચેતનાનો રહે,
સમજણનાં પ્રવાહ વહે, કોઈ પ્રકાશમય સાગરેથી અતિ,
ને પ્રકાશ, શક્તિના દબાણોથી, આ નબળી પ્રકૃતિ ધ્રુજતી.

ગુપ્તજ્ઞાન - સાવિત્રી - ૧.૪.૪૭

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

શ્રી અરવિન્દ અવતાર છે, એમ માતાજી વદે
ભાવિ દસમો અવતાર કલ્કિ કહ્યો, એવી શ્રદ્ધા ભારતે બધે.
શું આ બે વાસ્તવિકતાઓ રહી, છૂટી છવાઈ અસંબદ્ધ,
કે કોઈ ગૂઢ-સત્યથી, એક સત્યનાં બે પાસાં અલગ.
કલ્કિનો અર્થ કલ્કની જેમ, જગમાં કાર્ય કરે,
કલ્કનો અર્થ ખરલ ગણ્યો, જે ઘૂંટીને એકરૂપ કરે.
શ્રી અરવિન્દે વિભિન્ન યોગ - પદ્ધતિઓ, વિવેક ખરલે ઘૂંટી,
મૂળ સારભૂત તત્ત્વોને, યોગ-સમન્વયમાં ગોઠવી.
ને માનવ-એકતા, દિવ્યતાનો, માર્ગ ખૂલ્લો કર્યો,
શું તે ન અવતારી કાર્ય રહ્યું ? વિવેકે ધ્યાને ધરો.
મારી આ વ્યક્તિગત શ્રદ્ધા રહી, શ્રી અરવિન્દ કલ્કિ સ્વરૂપ,
અધિમનસ શક્તિનાં ઘોડે ચડી, છેડે અધુરાજ્ઞાન સામે યુદ્ધ.
પ્રજ્ઞા-તલવારે કુતર્કો કાપીને, લોકોની શ્રદ્ધાને વાળે,
વૈશ્વિક - ઉત્ક્રાંતિને પ્રભુ કાર્ય ગણી, માનવ-ચેતનાને વિકસાવે.
પ્રતિભા પ્રકાશમય મન ગણ્યું, ને મેધા અધિમનસ સ્વરૂપ,
પ્રજ્ઞા અતિમનસ રૂપ ગણી, 'પ્રજ્ઞાનં બ્રહ્મ'એ વેદ-ઘોષ.
તેથી લોકો વિચાર કરો, મૂક્યો છે મેં તમ સમક્ષ,
ભારત ને જગતનું હિત ધ્યાને ધરી, કરજો સાચો વિવેક.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત